

યતો ધર્મસ્તતો જયઃ ।

અથવા

ધર્મનો જય.

લેખક— કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા, બી. એ.
વિદ્યાધિકારી, ભાવનગર સ્ટેટ.

यतो धर्मस्ततो जयः ।

અથવા

ધર્મનો જય.

ऊर्ध्वबाहुर्विरौम्येष न च कश्चिच्छृणोति मे ।
धर्मादर्थश्च कामश्च स किमर्थं न सेव्यते ॥

महाभारत ॥

ઉંચા હાથ કરીને આ હું પોકારું છું, પરંતુ કોઇ મારૂં સાંભળતું નથી; ધર્મથી અર્થ અને કામની સિદ્ધિ છે તો તેનો આશ્રય શામાટે લેવાતો નથી ?-મહાભારત.

લેખક— કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા, બી. એ.
વિદ્યાધિકારી, ભાવનગર સ્ટેટ.

પ્રકાશક— રણછોડદાસ ભવાન.
ગીરગામ-મુંબઇ

કિમત ત્રણ આના.

પ્રત. ૧૦૦૦. આવૃત્તિ ૧ લી.

સને ૧૯૧૫.

ધર્મ વિજય પ્રીન્ટીંગ પ્રેસ, પાયધુની નં. ૫૭૨, મુંબઇમાં
હરજીવન ભગવાને છાપ્યું.

“ વિચાર પુષ્પ માલા ” ના વ્યવસ્થાપક તરફથી

નિવેદન.

ભારતવર્ષના અભ્યુદય માટે આપણે ત્યાં અપૂર્વ મંથન ચાલી રહ્યું છે. ગત યુગની જડતા અને ઉદાસીનતાને સ્થાને આ યુગમાં આટલું ચેતન પણ સંતોષનું કારણ છે. હવે આ મંથનમાંથી ઇષ્ટ, મધુર નવનીત ક્યારે તરી આવશે એ મંથન કરનારાઓની કલા અને શક્તિ ઉપર આધાર રાખશે.

આપણો દેશ એટલો તો વિસ્તૃત અને વિવિધ સંસ્કૃતિઓથી છવાયેલો છે કે તેની ઉન્નતિ–અવનતિના માર્ગો ચોકસપણે નિર્મિત કરવા એ બહુ કઠિન છે. કારણ કે જેમ તેની ઉન્નતિના માર્ગો અનેક છે તેમ તેની અવનતિનાં દ્વારો પણ અસંખ્ય છે. ભારતીય સમાજ એક એવી જબ્બર ઇમારત છે કે તેને બેડોળ બનાવવાની અથવા તોડી પાડવાની મુરાદ રાખનાર ગમે તે કોઈ દુષ્મન પોતાનું ધાર્યું કરી શકે તેમ છે, અને છતાં તેના દુષ્ટ કાર્યમાં કોઇ વચ્ચે આવી શકે તેમ નથી. આપણે ત્યાં જેટલી નિયંત્રિત સ્વાતંત્ર્યની ખામી છે તેટલુંજ અનિયંત્રિત બેપરવાઈનું બાહુલ્ય છે. આવી અસહ્ય પરિસ્થિતિમાં દિલાસો એટલોજ છે કે જેટલી છૂટ દુષ્મનને છે તેટલીજ છૂટ મિત્રને પણ છે. તેથી આ ભવ્ય ચણતરમાં કોઇ હિંદહિતૈષી યથાશક્તિ સહાયભૂત થવા માગતું હોય તો તેને માટે પણ પૂરતી જગા છે. હિતૈષી શિલ્પી છે કે સૂથાર, કડિયો છે કે મજૂર, ચિત્રકાર છે કે કુંભકાર, તેની પરવા કરવાની નથી. તે ગમે તે હો, પરંતુ તેની સહૃદય મદદ આ મહાન ઇમારતને બહુજ આવશ્યક છે. ઇમારતનો પાયો સિંધથી બ્રહ્મદેશ સૂધી અને કાશ્મીરથી કન્યાકુમારી સૂધી પથરાએલો છે, તેથી પંજાબ કે મદ્રાસ, બંગાળ કે ગુજરાત, કોઈથી એમ કહી શકાય તેમ નથી કે આ ભવ્ય બાંધકામમાં ફૂલ નહિ તો ફૂલની પાંખડી ચ્હડાવવાને તેમાંના કોઇનો હાથ પહોંચી શકે તેમ નથી, અથવા તો તે મક્કાની યાત્રા જેટલું દૂર થઈ પડે તેમ છે.

એટલું યાદ રાખવાનું છે કે જેઓ આ ચણતરમાં સહાયભૂત નહિ થઇ શકે તેઓ વિઘ્નકારી થયા વિના રહેવાના નથી. સારૂં પણ કરવું નહિ અને નઠારૂં પણ કરવું નહિ એ બની શકવાનુંજ નથી. જે સારૂં કરતો નથી તે નઠારૂં કરતો હોવો જોઇએજ. અહિં મધ્યમ માર્ગ અસંભવિત છે—અશક્ય છે. જીવનઘટનાજ એવી છે. મનુષ્યસ્વભાવજ એવો છે. "આપણે ભલે ખાસ ભલું કાર્ય કરતા નથી, પરંતુ આપણે ક્યાં કોઇનું બગાડીએ છીએ ?"—આ માન્યતા ભૂલભરેલી છે, આત્માને છેતરનારી છે. જો તમે ખરેખર અશુભ પ્રવૃત્તિમાં નહિ હો તો શુભ પ્રવૃત્તિમાં હોવાજ જોઇએ, જો કે કદાચ આત્મનિરીક્ષણની ખામીને લીધે એ શુભ પ્રવૃત્તિ સમજી ન શકાય એ સંભવિત છે. તેટલા માટે જો આપણી "ગરવી ગુજરાતે" સમસ્ત ભારતવર્ષની અધોગતિમાં સહાયભૂત થવું ન હોય તો તેની ઊર્ધ્વ ગતિમાં સહાયભૂત થવુંજ જોઇએ.

ભારતીય પ્રજાનો સંક્રાંતિકાળ એક દૃષ્ટિથી બહુ વિકટ છે, તો બીજી દૃષ્ટિથી બહુ રસભર છે. આપણા દેશમાં અનેક દિશાઓમાં આપણે એટલું બધું કરવાનું છે કે આપણી માતૃભૂમિમાં થોડું પણ મમત્ત્વ રાખનાર દરેક હિંદી હૃદયમાં વેગભર્યો ઉત્સાહ નિશદિન જ્વલંત હોવો જોઇએ. અલબત્ત, જ્યારે આપણે પાશ્ચાત્ય દેશોની જાહોજલાલીનો વિચાર કરીએ છીએ ત્યારે કદાચ કોઇથી એમ નિઃશ્વાસ નાંખી દેવાય છે કે, "અહા! હું યૂરોપ કે અમેરિકામાં જન્મ્યો હત તો કેટલો આનંદ લૂટત! કયાં વીજળિક વેગથી આગળ વધતા યૂરોપ અને અમેરિકાનાં જાહોજલાલી, સ્વાતંત્ર્ય અને સામર્થ્ય! અને કયાં જૂનું, પૂરાણું, દો દિનકા તિન કોસ ચાલતું, અંધકારમય હિંદુસ્થાન!" આ પ્રકારનો નિઃશ્વાસ ઘણાઓએ મૂકયો પણ હશે, અને કદાચ નિરાશાવાદીઓનો આ નિરાશાવાદ ઉપાલંભને પાત્ર ન પણ હોય. છતાં શું આ પરિસ્થિતિ બીજી દૃષ્ટિથી જોઇ શકાય તેમ નથી જ? પશ્ચિમની સામાજિક, ધાર્મિક, રાજકીય, આર્થિક, ઘટનાઓ બંધાઇ ગઈ છે; ત્યારે હિંદુસ્થાનને આ સર્વ ઘટનાઓમાંથી નવનીત તારવી લઇ નવા રૂપમાં

પ્રકાશવાનું છે, નવી સંસ્કૃતિ ઉભી કરવાની છે, નવી સમાજરચના બાંધવાની છે, નવું ચેતન દુનિઆને દાખવવાનું છે. ભવ્ય મહાલય બાંધનારો ચીથરેહાલ કારીગર વર્ગ કેટલીક વાર પરવારેલા અને આરામ ખુરશીમાં આળોટતા મહાલયનિવાસીઓ કરતાં વધારે દયા ઉપજાવે છે એ ખરૂં છે, પરંતુ શું એ પણ ખરૂં નથી કે કેટલીક વાર મહાલયમાં આળોટવા કરતાં મહાલયં બાંધવામાં હજારગણી વિશેષ મઝા પડે છે ? મેળવેલું વાપરવામાં મઝા હશે ખરી, પરંતુ નહિ મળેલું મેળવવાની મહેનતમાં રસ નથી એમ નથી. હિંદને ઉન્નતિની પરાકાષ્ઠાએ જેઓ જોશે તેઓનું જીવન તો જરૂર કૃતકૃત્ય થશે, પરંતુ હિંદને એ દશાએ પહોંચાડવામાં જહેમત ઉઠાવનાર મજૂરો પણ કઈંક દિલાસો અને ધારે તો પોતાના જીવતરમાં અતુલ રસ લઇ શકે ખરાં, એટલુંજ નહિ, પણ વધારે તીવ્ર કલ્પનાવાળાં એમ પણ કહી શકે કે “ આ મહાન અદ્વિતીય ક્ષણે ભારતવર્ષમાં મારો જન્મ થયો તે હું મ્હારૂં પરમ સદ્દભાગ્ય સમજું છું. ”

આ પ્રમાણે ગુજરાતના જે નાગરિકો હિંદ સાથેનો પોતાનો દૈવિક સમાગમ રસભર અને અમર કરવા ઇચ્છતા હોય તેઓએ આ મહાન ક્ષણ હાથથી જવા દેવી ન જોઇએ. ગુજરાત જો ધારે તો પોતાનુંજ સમારકામ ઉલટથી હાથમાં લઇ, તેણે હિંદની હજુ-સૂધી જે સેવા બજાવી છે તેથી શતધા વિશેષ સેવા બજાવી શકે તેમ છે. માત્ર એકજ ક્ષેત્રમાં નહિ, પરંતુ અસંખ્ય ક્ષેત્રોમાં ગુજરાતે સંસ્કૃતિની, ચેતનની, ઉન્નત ભાવનાઓની નીકો વહેવડાવવાની છે. ધર્મસંસ્થાઓ, સાંસારિક બંધારણો, સાહિત્યપ્રવૃત્તિઓ, આર્થિક ઘટનાઓ, આદિ સર્વને માટે જેટલું કરાય તેટલું ઓછું છે. અને આ બધું એક હાથે થઇ શકે તેમ નથી. જૂદાં જૂદાં કાર્યની વહેંચણી કર્યા વિના આખી ભવ્ય ઈમારતનાં દર્શન થવાં દુર્લભ છે, માટે જૂદા જૂદા કારીગરોએ કોઇની રાહ જોયા વિના જેટલું બની શકે તેટલું કાર્ય સર કરવાનું છે.

આ “ વિચાર પુષ્પ માલા ” પણ કઈંક ઉપર દર્શાવેલા આશયથી શરૂ કરવામાં આવે છે. જો આખા દેશના ખૂણેખૂણામાં

કેળવણીનો, સંસ્કૃતિનો, ચેતનનો, બહોળો ફેલાવો કરવો એ પરમ મૂલગામી હેતુ યથાર્થ અને ઈષ્ટ હોય, તો આ નવીન પ્રવૃત્તિનું સમર્થન કરવાની જરૂર રહેતી નથી. ગુજરાતનો મ્હોટો ભાગ અજ્ઞાનના અંધકારમાં અને જડતાના શિથિલ વાતાવરણમાં ઉંઘેછે એ વાત ગુજરાતનો કોઈ પણ સમજુ નાગરિક કબૂલ કર્યા વિના રહેશે નહિ. ગુજરાતની સેવા કરવાના માર્ગ અનેક હશે અને છે તેની ના નથી. પરંતુ એટલું તો ચોકસ છે કે ગુજરાતના અજ્ઞાનનો અંધારપડદો ચીરવામાં જેટલી મહેનત લેવાય તેટલી ઓછીજ છે, અને તે માત્ર નિશાળોમાંજ નહિ, પણ નિશાળોની બહાર પણ. વહેમ, અજ્ઞાન, શિથિલતા, જડતા, આદિ દાનવો સાથે ગુર્જર ભૂમિને એટલી બધી દોસ્તી છે કે જ્યાંસૂધી સમસ્ત ગુર્જર પ્રજામાં કોઈ નવીન ચેતનની રસી મૂકવામાં નહિ આવે ત્યાંસૂધી આ પ્રાંત ક્ષયના દર્દમાંથી હમેશને માટે મુક્ત થઇ શકે તેમ નથી. તેથી આપણા સુશિક્ષિત વર્ગે ગુજરાતની વિચારકલા ખીલવવાને અને તેના વિચારોને ઉન્નત ભૂમિકામાં લઇ જવાને ચોગરદમ પ્રયત્નો આદરવાના છે. વાર્તાલાપો, ભાષણો, હરિકીર્તનો, નાટકો, નવલકથાઓ, કાવ્યો, ન્યુસપેપરો, અને બીજાં અનેક સાધનો દ્વારા શહેરે શહેર અને ગામે ગામ સદ્‌વિચારો, ચેતનવતી ભાવનાઓ અને જીવંત આશાઓથી ભરચક ભરી દેવાનાં છે. કારણ કે ભૂલી જવાનું નથી કે જ્યાં વિચારો સંસ્કૃત નથી ત્યાં આચાર શુદ્ધ બનાવવાનો અભિલાષ હસનીય છે. જ્યાં સારૂં શું છે તેનું જ્ઞાન નથી, ત્યાં નઠારે માર્ગે નહિ જવા દેવાની આશા વ્યર્થ છે. જ્યાં સુધારા સમજવાની તક મળી નથી ત્યાં કુધારામાંથી બચાવવાની ઈચ્છા ભ્રમણારૂપ છે.

એટલા માટે ગુજરાતના ગૃહે ગૃહે જ્ઞાનદીપક પ્રકટાવવાની અનિવાર્ય આવશ્યકતા છે. સર્વ મનુષ્યો એકજ અભિપ્રાયનાં થાય એ સુલભ નથી તેમ ઇષ્ટ પણ નથી. પરંતુ ભિન્ન ભિન્ન અભિપ્રાયો ધરાવતાં છતાં બધાં મનુષ્યો આદર્શ જીવન શું છે અને છેવટે પ્રાપ્ત કરવાનું સાધ્ય શું છે એ સમજમાં એક થઇ શકે ખરાં. અને જો એ એકતા થાય તો માનવજીવનની અનેક ગેર-સમજુતીઓથી ઉત્પન્ન થતું ઘર્ષણ કેટલું બધું ઓછું થઇ જાય,

અને દરેક વ્યક્તિ અને સમાજનો જીવનપ્રવાહ કેટલો બધો સરલ અને શાંતિપ્રદ થાય ! તેથી આ " વિચાર પુષ્પ માલા " નો આશય સર્વ વાચકોને જૂદા જૂદા પ્રશ્નો ઉપર એકજ અભિપ્રાયના બનાવવાનો નથી, પરંતુ ભિન્ન ભિન્ન મનનીય વિચારો વાચકઆલમ સમક્ષ મૂકી તેના વિચારપ્રવાહને ઉત્તેજિત કરવાનો, અને જૂદાં જૂદાં લક્ષ્યબિંદુઓ જૂદાં જૂદાં મનુષ્યો પાસે ધરી ગુજરાતમાં માનસિક ઉદારતાને વિશેષ વિસ્તૃત બનાવવાનો, તેમજ અનેક વિદ્વાન્ લેખકો સાથે અનેક જિજ્ઞાસુ વાચકોનો સમાગમ કરાવી આપવાનો છે.

જો કે ગુજરાતી સાહિત્ય અનેક દિશામાં ખીલતું જાયછે એ સત્ય છે, તોપણ માનસિક જડતા તથા સાંસારિક શિથિલતા દૂર કરનાર, વ્યક્તિજીવન તેમજ પ્રજાજીવનને ચેતન અર્પનાર, વિચારોત્તેજક, અને નવયુગના મહાપ્રશ્નોનું નિરાકરણ કે મંથન કરનાર સાહિત્ય હજુ ગુજરાતમાં ભાગ્યેજ દેખાવ દીએ છે એ શોચનીય હકીકત ધ્યાનમાં રાખવાની છે. આ મોટી ખોટ આ "વિચાર પુષ્પમાલા" જો કે સર્વાંશે પૂરી પાડી શકે તેમ નથી જ, છતાં એ દિશામાં થોડી પણ મદદ એથી મળે તો આશા છે કે તેના નવજીવનને સજ્જનો અને સન્નારીઓ આશીર્વચન આપતાં અટકશે નહિ.

દર વરસે, દર મહિને, આખી દુનિઆ શોધખોળમાં, વિચારોમાં, સમાજ સમીકરણમાં એટલી તો આગળ વધતી જાય છે, અને હમેશાં સાહિત્ય, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાનશાસ્ત્ર, આદિ વિષયો ઉપર એટલાં તો પુસ્તકો બહાર પડે છે કે આ બધી પ્રગતિ અને નવીનતાની ઝાંખી કરવા જેટલાં સમય અને શક્તિ ગમે તેવા સમર્થ માનવીની લાંબામાં લાંબી જીંદગીમાં પણ મળી શકે તેમ નથી. તેથી આ જમાનામાં સાહિત્ય ક્ષેત્રમાં સૌથી ઉપયોગી પ્રવૃત્તિ કોઈ હોય તો તે આ જ્ઞાનના મહાસાગરનું બને તેટલું મંથન કરી તારવી શકાય તેટલું નવનીત તારવી જનસમાજ સમક્ષ ધરવું એ છે. હજારો પાનાનાં પુસ્તકોનો સાર અથવા અનેક વિદ્વાનોના વિચારોનો નિષ્કર્ષ બહુ સંક્ષેપમાં કહેવામાં આવે તો એ પુસ્તકો

અને વિચારો સફલ થાય એટલુંજ નહિ પણ તેથી ટૂંકી જીંદગીમાં ઘણી પ્રગતિ ઘણાં માણસો કરી શકે.

ગુજરાતી સાહિત્યદેવી અને એ દેવીનાં પૂજક બંધુબહેનોના ચરણમાં આ "વિચાર પુષ્પ માલા" પણ આવા કંઈક ઉદ્દેશથી ધરવામાં આવે છે. અહિં એટલું કહેવું જોઇએ કે આ જાતનો પ્રયાસ ગુજરાતમાં આ પહેલોજ છે. ઇંગ્લંડમાં "રૅશનૅલિસ્ટ પ્રેસ સિરીઝ" અને "ફેબિયન સોસાઈટી ટ્રૅકટસ" ની પદ્ધતિ પ્રમાણે આ લેખમાલા ચલાવવાની વ્યવસ્થા થઇ છે. આ માલાનાં પુસ્તકો ગુજરાત કાઠિઆવાડના અગ્રગણ્ય લેખકો, વિચારકો, કવિઓ, સાક્ષરો, આદિના અનુભવો અને વિચારોના મંથનમાંથી તારવી કાઢેલા સારરૂપ — નવનીતરૂપ બહાર પડશે. એટલુંજ નહિ પણ આપણા સંસ્કૃત સાહિત્યમાંથી તેમજ યૂરોપ અને અમેરિકાના સમર્થ વિદ્વાનોનાં ઉત્તમ પુસ્તકો ઉપરથી વિદ્વાનોના હાથે લખાયેલાં ભાષાંતરો કે અનુવાદો જ્યારે જ્યારે યોગ્ય લાગશે ત્યારે પ્રકટ કરવામાં આવશે.

અત્યારથીજ આપણા કેટલાક વિદ્વાન્ સાક્ષરો અને લેખકોએ આ "વિચાર પુષ્પ માલા" માટે પુસ્તકો લખી આપવા માટે વચન આપ્યાં છે, તે ખાતે તેઓનો અગાઉથી ઉપકાર માનવો એ અમારી ફરજ સમજીએ છીએ.

વળી માત્ર નિબંધોજ આ માલા દ્વારા પ્રકટ થશે એમ સમજવાનું નથી, પરંતુ વાર્તાઓ, નવલકથાઓ, નાટકો, કાવ્યકુંજો, મહાન પુરૂષોનાં ચરિત્રો, તેમજ સાંસારિક, ધાર્મિક, આર્થિક, સાહિત્યવિષયક, આદિ અનેક ઉપયોગી પ્રશ્નો ઉપર અપૂર્વ પ્રકાશ પાડનાર સમર્થ વિદ્વાનોના મનનીય લેખો બહાર પાડવામાં આવશે. એટલું સ્પષ્ટ કરવાની જરૂર છે કે આ "વિચાર પુષ્પ માલા" દ્વારા જે જે અભિપ્રાયો પ્રકટ થાય તે અભિપ્રાયો વ્યવસ્થાપકના કે પ્રકાશકના પોતાના છે એમ સમજવાનું નથી. એ બનવાજોગ છે કે અમુક અભિપ્રાયો વ્યવસ્થાપક કે પ્રકાશકના અંગત વિચારોથી વિરૂદ્ધજ હોય. તેટલા માટે દરેક લેખક પોતેજ પોતાના લેખ માટે જવાબદાર રહેશે, અન્ય કોઇ નહિ.

આ સ્થળે અમારે આ "વિચાર પુષ્પ માલા" ના પ્રકાશક શ્રીયુત રણછોડદાસ ભવાન કે જેમના તરફથી આ હીલચાલને અમૂલ્ય સાહાય્ય મળી છે તેમનો ઉપકાર માનવાની તક જવા દેવી ન જોઇએ. જ્યારે આ "માલા" ભવિષ્યમાં આખી ગુજરાતી પ્રજામાં આદરને પામશે ત્યારે સમસ્ત ગુજરાત પણ અમારી સાથે પોતાની ઉપકારમયતા પ્રકટ કરશે તે અમારી ખાત્રી છે.

"વિચાર પુષ્પ માલા" ના પ્રથમ પુસ્તક તરીકે "ધર્મનો જય" નામનો આ સંવાદ વાચકમહાશયની સેવામાં રજુ કરવામાં આવે છે. આ સંવાદના લેખક રા. રા. કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા ગુજરાતમાં એટલા બધા જાણીતા છે કે એમની ઓળખ આપવી અત્ર આવશ્યક નથી.

એમની સચોટ, માર્મિક, રસભર લેખિનીથી કોઈકજ વાચક અજ્ઞાત હશે. આ લેખમાલાને એમણે જે પ્રથમ વેગભર્યું ઉત્તેજન આપ્યું છે, તે માટે વ્યવસ્થાપક કમિટી એમનો ખાસ આભાર માને છે.

છેવટે એટલીજ આશાથી વિરમીશું કે "ગરવી ગુજરાત" ના સજ્જનો તેમજ સન્નારીઓ આ નવીન પ્રવૃત્તિનો સત્કાર કરશે, અને જ્ઞાનનું ચેતનમય વાતાવરણ ફેલાવવાના સર્વ શુભ યત્નોમાં તેઓની સહાનુભૂતિ છે એટલી ખાત્રી આપવા મહેરબાની કરશે.

મુંબઈ
તા. ૧૨-૧૧-૧૪.

નૃસિંહદાસ ભગવાનદાસ વિભાકર.
"વિચાર પુષ્પ માલા" ની વ્યવસ્થાપક
કમિટીનો સેક્રેટરી.

પ્રસ્તાવના.

સમર્થ પ્રાચીન ગ્રીક તત્ત્વશોધક પ્લેટોના The Republic નામના પ્રસિદ્ધ ગ્રન્થના કેટલાક ભાગનું આ દોહન છે. કેટલેક સ્થળે અક્ષરશઃ ભાષાંતર કરવામાં આવ્યું છે અને કેટલેક સ્થળે છૂટ લેવામાં આવી છે, પરંતુ મૂળ વિચારની ક્ષતિ ન થાય એ-ઉપર સર્વત્ર ખાસ લક્ષ આપવામાં આવ્યું છે.

કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા.

૫૪૨૨

यतो धर्मस्ततो जयः

અથવા

ધર્મનો જય.

અમારા મિત્ર કુંજવિહારીની ગઇ વર્ષગાંઠનો દિવસ કદાપિ વિસરે એમ નથી. તે દિવસે અમારૂં સ્વાગત કરવામાં અમારા મિત્રે અવધિ રાખી ન હતી. પ્રત્યેકને એમ થતું કે કુંજવિહારીનું આખું અંતઃકરણ એના પ્રત્યેક વાકય સાથે બહાર નિકળી આવે છે. एको ऽहं बहु स्याम् એ વેદાંત વાકયને ગૃહસ્થજીવનમાં સાર્થક થતું અમે પ્રત્યક્ષ જોયું. જમણ પણ ભારે થયું હતું. એક એક કરતાં ચઢિયાતી વસ્તુ હતી. ભોજનની વિગત જણાવી તમને કંટાળો આપવા હું માગતો નથી. ભોજન થઇ રહ્યા પછી અમે મિત્રો અમારા મિત્રના વિશાળ દીવાનખાનામાં ગપાટા મારતા બેઠા. મારે ખેદસહિત કહેવું પડે છે કે કેટલીક સ્ત્રીઓની ચાલચલગત વિષે ન કરવાયોગ્ય ચર્ચા ઉપાડવામાં અમારામાંના બે જણ નિમિત્તભૂત થયા હતા. વાર્તાલાપને બરાબર પોણો કલાક થતાં ભદ્રશંકર બોલ્યો—'ભારે ભોજન હલકી વાતથી જો પચતું હોય તો તેમ થવામાં હવે કસર રહી નથી. સ્વાદફેરને માટે બીજી કોઇ વાની અજમાવીએ તો કેમ? આ આપણા મુનિવ્રતધારી મિત્ર સુબંધુ અડધા જાગતા અડધા ઉંઘતા તકિયે પડી રહ્યા છે. પોણા કલાકમાં ભાગ્યે પાંચ વાકયો એઓ બોલ્યા હશે.

હસમુખરામ બોલ્યા—શાસ્ત્રનો ઉપદેશ વાગોળતાં પાંચ વાક્ય બોલવા જેટલો અવકાશ આજે એમને મળ્યો તેથી મને આશ્ચર્ય થાય છે.

મેં કહ્યું—તત્ત્વજ્ઞાન ઉપર એમને આટલી બધિ પ્રીતિ છે, પરંતુ તેનો લાભ આપણે કોઇ દિવસ લીધો નથી. આજે લઇએ તો કેમ?

શિરીષકાન્તિ બોલ્યો—મલ્લને જોર કરાવનાર જેમ શાગિર્દો હોય છે તેમ સુબંધુને જોર કરાવનાર કોઇ જોઈશું. મને લાગે છે કે આપણો પુષ્કર સારી રીતે ગોટલાબાજ હોવાથી એ કામ સારી રીતે પાર પાડશે.

પુષ્કરરાયે કહ્યું— એ કામ કરતાં મને જરા પણ વાંધો નથી.

સુબંધુએ હસતાં કહ્યું—મારી સામા તમે પુષ્કરરાય જેવા ગોટલાબાજને ગોઠવો છે તેથી મને મારાં હાડકાં ભાંગી જવાની ધાસ્તી રહે છે.

કુંજવિહારીએ કહ્યું— કેટલાક એવા કાબેલ કુસ્તી કરનારાઓને મેં જોયા છે કે જેઓ અડધા કલાકસુધી તો પોતાના પ્રતિપક્ષીને પોતાના અંગને અડકવા દેતા નથી. જોનારને કુસ્તીબાજોની પરસ્પર આંગળીઓની ગુંથણી શિવાય જોવાનું જ મળતું નથી. તમે એવા સમર્થ કુસ્તીબાજની ખ્યાતિ મેળવી છે એ અમને અજાણ્યું નથી.

સુબંધુ બોલ્યા—આમ આગળથી વખાણીને હાંસી કરો છો અને છેવટે મને પટકાયલો જોઈ વળી હસશો. ખરે હું મોટા જોખમમાં ઉતર્યો છું. પરમેશ્વર મારી રક્ષા કરો! ચાલો પુષ્કરરાય! હું તૈયાર થયો છું.

પુષ્કરરાય બોલ્યા—"ધર્મીને ઘેર ધાડ અને કસાઈને ઘેર કુશળ" એ કહેવતમાં જેટલું સત્ય છે તેટલું यतो धर्मस्ततो जयः એ ઉક્તિમાં હોય એમ મને લાગતું નથી. જ્યાં જ્યાં આપણે નજર ફેરવીએ છીએ ત્યાં ત્યાં છળકપટનો જય અને પ્રામાણિકતાનો પરાજય આપણને માલમ પડે છે. પ્રપંચી વેપારી ચોખ્ખો નફો ખાનાર વેપારી કરતાં વધારે કમાય છે. પ્રપંચી રાજદ્વારી જેટલી સત્તા અને સંપત્તિ મેળવી શકે છે તેનો દશમો હિસ્સો પણ કેવળ ન્યાયથી પગલાં ભરનાર રાજદ્વારી મેળવી શકતો નથી. યુદ્ધમાં પ્રપંચનો પ્રયોગ કરનાર સૈન્યનો વિજય થાય છે તો કેવળ ધર્માચરણ કરનાર સેનાનો વિનાશ થાય છે. ટુંકામાં સ્વાર્થી, પક્કો અને લુચ્ચો માણસ જગત્‌માં એકંદર જેટલો ફાવી જાય છે તેટલો જ પરાર્થી, સરલ અને ભોળો માણસ પાછો પડે છે. આ ઉપરથી એમ નિશ્ચય થાય છે કે ધર્મ અને ન્યાય કરતાં અધર્મ અને અન્યાય વિશેષ અર્થકર છે.

સુબંધુએ ગંભીર સ્વરથી કહ્યું—પુષ્કરરાય! તમે આ બધું કદાચ મશ્કરીમાં કહેતા હશો, પરંતુ કુલવધૂ અને શિષ્ય માટે એવી નીતિ છે કે પોતાના પતિની અથવા ગુરૂની પરિહાસમાં પણ જે સ્થળે નિંદા થતી હોય ત્યાંથી તેમણે ઉઠી જવું, અથવા બેસવાની ખાસ જરૂર જણાય તો કાન બંધ કરીને બેસવું. સ્ત્રી જાત સામાન્ય રીતે કોમળ હોવાથી ઉગ્ર પગલું ભરે એ અસંભવિત છે, પરંતુ પુરૂષજાતિ કઠોર હોવાથી શિષ્ય કદાપિ આવેશમાં ઉભો થઈ ગુરૂનિંદકને તમાચો લગાવી કાઢે એ પણ બનવાયોગ્ય છે અને નીતિદૃષ્ટિને સંમત છે. એમની સરખામણીમાં મારી સ્થિતિ કેટલી બધી ખેદજનક છે! ધર્મ અને ન્યાય જેને હું અત્યંત પૂજ્ય ગણું છું તેની આવી અવગણના સાંભળી હું અહિંથી નાસી

જાઉં, અથવા તો મારા કાન બંધ કરી દઉં, અથવા તો આવેશમાં આવી જઇ તમને પાંચ સાત તમાચા ચોઢી બેસું એ તમને કે કોઇને ઇષ્ટ નથી. મારે તો ઉલટું ધર્મ અને ન્યાયનું મંડન કરવું જોઇએ એ પ્રકારનું તમે મારૂં કર્તવ્ય સમજો છો, નહિ વારૂ ?

પુષ્કરરાયે કહ્યું —નક્કી.

સુબંધુ બોલ્યા —ત્યારે બેવડી ગુન્હેગારી ! પુષ્કરરાય ! હું તો એમ માનું છું કે ધર્મ અને ન્યાયથી ઉદય અને ઉન્નતિ છે. પ્રિય બંધુ ! આપણે એમ કરીએ તો કેમ ? બાળક સિલેટઉપર શરૂઆતમાં મોટા ભમરડા કાઢે છે અને પછી ઝીણા અક્ષર લખી શકે છે. તેજ પ્રમાણે મારા જેવા માણસો, જેમને ચશ્માં પહેરવાં પડે છે, તેમને જો મોટા અક્ષરથી છાપેલું પાનું પહેલાં વંચાવી તેવી જ મતલબનું ઝીણા અક્ષરથી છાપેલું પાનું વંચાવવામાં આવે છે તો તે ઉકેલતાં વિશેષ સરળ થઇ પડે છે. એ પદ્ધતિ આપણે અનુસરીએ તો કેમ ?

"ખુશીથી; મારા તરફથી કોઇ રીતની હરકત નથી. પરંતુ સુબંધુ! આપણી ચર્ચાસાથે આને શો સંબંધ છે તે મને સમજાતું નથી"

"સામાજિક જીવન એ મોટા અક્ષરો છે અને વ્યક્તિજીવન એ ઝીણા અક્ષરો છે. સામાજિક જીવનમાં ધર્મ અને ન્યાયની ઉપયોગિતા તથા અનિવાર્યતા આપણે જોઈ શકીશું તો વ્યક્તિ-જીવનમાં પણ તેમની ઉપયોગિતા અને અનિવાર્યતા આપણને ઝટ સમજાશે. જેમ મકાન મોટું તેમ ઉજાસ વધારે. તે પ્રમાણે જન-સમાજમાં આપણને ધર્મ અને ન્યાયનું વિશાલ સ્વરૂપમાં દર્શન થશે."

"એમાં કંઇ સવાલ નથી."

"ત્યારે જો તમારો વિચાર થતો હોય તો જનસમાજરૂપ મોટું મકાન ચણવા માંડીએ."

"તમે ઈંટ ગોઠવજો; હું તમને કોલ પૂરો પાડીશ."

"ધન્ય છે તમારી સંસ્થાપકબુદ્ધિને! આજ કાલ તો ઉચ્છેદકમતિનો પ્રભાવ સ્થળે સ્થળે જોવામાં આવે છે. વારૂ, કોઈ તમને એમ કહે કે પ્રત્યેક મનુષ્ય પોતાનું પ્રત્યેક કાર્ય કોઈની પણ મદદ લીધા વિના કરવા સમર્થ છે તો તમે શું કહો.?"

"હું કહું કે એમ બની શકે જ નહિ. ઉલટું, પ્રત્યેક મનુષ્યને અસંખ્ય પ્રસંગે બીજા મનુષ્યનો આશ્રય લેવો પડે છે."

"ત્યારે આપણે એ નિયમ સ્થાપીએ તો કેમ? મનુષ્યને અનેક પદાર્થોની આવશ્યકતા છે, અને તે પદાર્થો પૂરા પાડવા માટે અનેક વ્યક્તિઓની આવશ્યકતા છે. એક સ્થળમાં એવી પરસ્પર સહાયક, ઉપયોગી, ભાગીદાર વ્યક્તિઓનું સંમેલન એનું નામ જનસમાજ, અથવા જનમંડળ."

"મને તો એ સિદ્ધાંત અદૂષિત લાગે છે."

"ત્યારે તમે એટલું વધારે સ્વીકારશો કે મનુષ્યની પહેલી જરૂરિયાત અન્ન છે?"

"બેશક; અન્નવિના મનુષ્યનું જીવન ટકવું જ અસંભવિત છે. હવા અને પાણી પણ અત્યંત આવશ્યક છે, પરંતુ તે તો જોઈતા પરિમાણમાં કૃપાળુ કુદરત આપે છે. અન્નને તો ઉગાડવું પડે છે, અર્થાત્ તેનું અર્જન કરવું પડે છે."

"ઘરથી મનુષ્ય ઠરી ઠામ રહી શકે છે, અને ઘર એ ઉદ્યોગનું પ્રથમ ક્ષેત્ર છે એમ જો કહેવામાં આવે તો તમે વાંધો ઉઠાવો ખરા?"

"એમાં વાંધો ઉઠાવવાજેવું કોઇ પણ વિવેકીને હોય એમ મને લાગતું નથી. ઘરથી મનુષ્યનું ટાઢ, તડકો, વરસાદ એથી રક્ષણ થાય છે, અને તે સ્થિર જીવનનો આનંદ ભોગવી શકે છે."

"ઘરપછીની આવશ્યકતા વસ્ત્રની ગણીએ તો કેમ?"

"ઝુંપડીમાં બેસી પ્રથમ ઉદ્યોગ એ જ હોવો ઘટે છે."

"ત્યારે પછી એમ થયું કે આપણા કલ્પિત જનમંડળમાં એક મનુષ્ય અન્નમાટે ખેતી કરે છે, બીજો ઘર બાંધવાનું કામ કરે છે, ત્રીજો કાપડ વણવાનું કામ કરેછે."

"મને લાગે છે કે એઓમાં મોચીનો સમાવેશ કરવામાં આવે તો ઠીક."

"મારા તરફની હરકત નથી. અર્થાત્ જનમંડળમાં ઓછામાં ઓછા ચાર પાંચ મનુષ્યો હોવા જોઈએ એમ તમે કબુલ કરો છો?"

"અવશ્ય."

"અને તેઓ કેવી રીતે કામ લેશે? દરેક માણસ પોતે ખેતી કરશે, પોતે ઘર બાંધશે, પોતે કાપડ વણશે અને પોતે જોડા સીવશે? કે એક માણસ સર્વના લાભમાટે ખેતી કરશે, બીજો સર્વના લાભમાટે ઘર બાંધશે, ત્રીજો સર્વના લાભમાટે કાપડ વણશે, અને ચોથો સર્વના લાભમાટે જોડા સીવશે?"

"હું ધારૂં છું કે સર્વના લાભમાટે મનુષ્ય એક ઉદ્યોગ કરે અને તેમાં પ્રવીણ થાય એ સમાજને વધારે શ્રેયસ્કર છે. નહિ તો 'સબ બંદરકે વેપારી' જેવી અનિષ્ટ સ્થિતિ થવાનો સંભવ છે"

"મને પણ એમ લાગે છે. હું માનું છું કે પ્રત્યેક મનુષ્યમાં અમુક ધંધામાટે ખાસિયત હોય છે. સર્વનું વલણ એકસરખું હોતું નથી. પુષ્કરરાય! તમે એટલું વિશેષ સ્વીકારશો કે

હાથમાં લીધેલું કામ વેળાસર ન થાય તો તે બગડવાનો સંભવ રહે છે ?”

“જરૂર, કારણ કે કામ કંઈ માણસની રાહ જોતું બેસી રહેતું નથી, પરંતુ મનુષ્યે પોતે ઉપાડેલા કામને છોડી ન દેતાં વળગી રહેવું જોઇએ. આજે થોડું, કાલે થોડું એમ કરવાથી કામ અવશ્ય બગડે છે. પર્વત ચઢવાનો હોય છે ત્યારે આપણે કંઈ દિવસ બે દિવસ વચમાં વિસામો લેતા નથી, પરંતુ થોડીક ક્ષણ વિશ્રાંતિ લઇ ચઢવાનું ચાલુ રાખીએ છીએ.”

“તમારી ઉપમા બહુ યોગ્ય છે. ત્યારે આપણે એ નિર્ણય-ઉપર આવ્યા કે જ્યારે મનુષ્ય પોતાની પ્રકૃતિને અનુકૂલ કાર્યમાં રોકાય છે, અને બીજા વ્યવસાયો પડતા મુકી તે કાર્યને વળગી રહે છે ત્યારે પદાર્થો વધારે જથામાં, વધારે સહેલાઇથી અને ચઢતા પ્રકારના ઉત્પન્ન કરવામાં આવે છે.”

“એ નિર્વિવાદ છે.”

“ત્યારે બંધુ પુષ્કરરાય ! ચાર પાંચ વ્યક્તિઓથી આપણા જનમંડળનો નિર્વાહ થઇ શકશે નહિ. કારણ કે ખેડુત કંઈ જાતે પોતે પોતાનાં ખેતીનાં ઓજાર—હળ તીકમ વિગેરે—બનાવશે નહિ. તે પ્રમાણે ઘર બાંધનાર, કાપડ વણનાર, અને જોડા સીવનારને પણ પોતપોતાનાં ઓજારો જાતે બનાવવાં નહિ ફાવે. અર્થાત્ સુતાર, લુહાર વિગેરે કારીગરોની જનમંડળમાં જરૂર જણાશે, એટલું જ નહિ પણ ઢોરોને ચરાવવામાટે તથા તેમનું રક્ષણ કરવામાટે ગોવાળભરવાડની પણ જરૂર રહેશે. આટલું છતાં આપણો કલ્પિત જનસમાજ વિસ્તારવાળો કહેવાશે નહિ.”

“તેમ પ્રિય બંધુ સુબંધુ ! તે છેક નાનો પણ ગણી શકાશે નહિ.”

"હવે એક ડગલું આગળ વધીએ. બહારગામથી એકે વસ્તુ લાવવી ન પડે એવું સ્થળ આપણા જનમંડળમાટે આપણે નિર્ણીત કરીએ તો કેમ?"

"મને લાગે છે કે એવું સ્થળ દુર્લભ છે. બહારગામ સાથે થોડો ઘણો સંબંધ પણ સ્વીકારવો જોઇએ."

"ત્યારે તો કેટલીક વ્યક્તિઓ જનસમાજમાં એવી પણ હોવી જોઇએ કે જે પરગામથી જોઇતા પદાર્થો લઈ આવે."

"એમાં શક શો?"

"પરંતુ તે વ્યક્તિઓ જો જાતે ખાલી હાથે જાય તો?"

"તો તો ખાલી હાથે જ પાછી આવે. બીજું શું?"

"એનો અર્થ એ કે પોતાના દેશમાંથી માલ લઇ જાય તો પરદેશમાંથી માલ લઈ આવે. અને તેનો અર્થ શું?"

"તેનો અર્થ એ કે આપણા મંડળે માત્ર પોતાના નિર્વાહ જેટલા પદાર્થો ઉત્પન્ન કરી સંતોષ માનવો ન જોઈએ, પરંતુ પદાર્થો કેટલાક પ્રમાણમાં બહારગામ મોકલી શકાય એવી વ્યવસ્થા કરવી જોઇએ."

"બરાબર, ત્યારે આપણા સમાજમાં વધારે ખેડુતો અને વધારે કારીગરો જોઇશે. તેમ જ ઉપર કહ્યા પ્રમાણે પદાર્થોની અદલાબદલી કરનાર વ્યાપારી વ્યક્તિઓની જરૂર ખરી, નહિ વારૂ?"

"અવશ્ય. એટલું જ નહિ પણ જો સમુદ્રપાર માલ લઇ જવા લાવવાનો પ્રસંગ આવે તો નાવિકોના સમુદાયની પણ જરૂર ખરી."

"પુષ્કરરાય! તમે તો મારાથી યે એક ડગલું આગળ વધ્યા! અને આપણા સમાજમાં પણ લેવડદેવડના પ્રસંગ આવે કે નહિ?"

"આવે જ."

"ત્યારે તો તે માટે બજારની પણ વ્યવસ્થા કરવી પડશે, અને કોઇ પ્રકારનું નાણું પણ કલ્પવું પડશે."

"બરાબર છે."

"વળી એમ ધારો કે ખેડુત કે સુતાર કે કોઇ બીજો કારીગર બજારમાં વેચવા પોતાનો માલ લાવે છે, અને સંજોગ એવો છે કે તેની સાથે લેવડદેવડ કરનાર કોઇ નથી. તો એવે પ્રસંગે તેણે પોતાનો ધંધો રઝળાવી બજારમાં બગાસાં ખાતાં બેસી રહેવું કે કેમ?"

"મને લાગે છે કે એમ કરવું યોગ્ય નથી. આપણા સમાજમાં એવી પણ કેટલીક વ્યક્તિઓ હોવી જોઇએ કે જે જાતે માલ ઉત્પન્ન કરે નહિ પરંતુ માલ ખપાવવામાં મધ્યસ્થની ગરજ સારે."

"અર્થાત્ છૂટક વેચનાર વેપારીઓનો પણ આપણા સમાજમાં સમાવેશ થવો જોઇએ."

"હા, થવો જોઇએ."

"પુષ્કરરાય! પેલી સરદારખાં હાઈસ્કૂલમાં ગયે વર્ષે સાતમા ધોરણમાં ૧૦૦ વિદ્યાર્થીઓ હતા, અને સોએ સો પરીક્ષામાં પસાર થયા એ વાત તમારે કાને આવી જ હશે."

"તમે મારી મશ્કરી કરતા હો એમ લાગે છે."

"મશ્કરી શા ઉપરથી?"

"કારણુ કે હાઇસ્કૂલના સાતમા ધોરણુમાં ૧૦૦ વિદ્યાર્થીઓ હોય અને પરીક્ષામાં બધાને બેસાડવામાં આવે એ જ પ્રથમ અસંભવિત છે; અને કદાચ બેસાડવામાં આવે તો બધા ફતેહમંદ નિવડે એ તો અશક્ય જ છે. એવો બનાવ આજસુધી તો બનેલો સાંભળ્યો નથી."

"ત્યારે સંભવિત શું છે?"

"સંભવિત તો એ છે કે ૧૦૦ માંથી ૬૦–૭૦ વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસાડવામાં આવે, અને તે સંખ્યામાંથી ૪૦–૫૦ વિજયી નિવડે તો સારી સંખ્યા પસાર થઇ એમ કહેવાય."

"ત્યારે બાકી રહેલા વિદ્યાર્થીઓનું શું?"

"તેઓ બીજે વર્ષે પોતાનો અભ્યાસ પાકો કરી પરીક્ષામાં પાછા બેસે."

"ત્યારે હું કહેતો હતો એમાં થોડાજ ફેર કરવાનો છે. એક સામટા નહિ તો બે ત્રણ હફતે ૧૦૦ માંથી ૧૦૦ વિદ્યાર્થીઓ પસાર થવાના જ."

"એ પણ બનવું મુશ્કેલ છે."

"શાથી?"

"કેળવણી આપનારાઓનો અનુભવ તો એવો છે કે ઉંચાં ધોરણોનો અભ્યાસ કરવાની અશક્તિને લીધે દરવર્ષે કેટલાક વિદ્યાર્થીઓને નિશાળ છોડી દેવી પડે છે."

"ત્યારે આપણા જનસમાજમાં પણ કેટલાક મનુષ્યોને બુદ્ધિના બારદાન કલ્પવામાં આવે તો કેમ?"

"એવા થોડા ઘણા હોવા જ જોઇએ એ તો કુદરતનો કાયદો છે."

"તમની વ્યવસ્થા આપણે કેવી રીતે કરીશું?"

"તેઓ પોતાનું શરીરબળ ભલે વેચે."

"અર્થાત્ તેઓ મજુરી કરી ભલે રોટલો મેળવે. ત્યારે આપણો સમાજ સંપૂર્ણ થયો?"

"કોઇ પણ મુખ્ય બાબત રહી ગયલી લાગતી નથી."

"લો, ત્યારે હું ઉપસંહાર કરૂં. આપણો સમાજ પોતાને માટે અનાજ વાવશે, મકાન બાંધશે, કાપડ વણશે, જોડા સીવશે. તે જાતજાતનો વેપાર કરશે. ઉનાળામાં તે ખુલ્લે દિલે કામ કરવાનું પસંદ કરશે. શિયાળામાં કપડાંની અને ઉનાળામાં જોડાની તેને ખાસ જરૂર જણાશે. આપણા સમાજીઓ રોટલી, દાળ, ભાત, દૂધ, દહિં ખાશે અને એ સામગ્રી પત્રાવળિ ઉપર અને પડિયામાં પિરસાશે—"

"પરંતુ તેમના ભોજનને તમે લહેજતદાર તો બનાવ્યું નહિ."

"ભૂલ્યો, પુષ્કરરાય! ભૂલ્યો. ચાલો આપણે તેમની પત્રાવળિમાં કેટલીક જાતનાં મિષ્ટાન્ન, કેટલીક જાતનાં શાક, કેટલીક જાતનાં ભજિયાં, કેટલીક જાતનાં મુઠિયાં, કેટલીક જાતનાં અથાણાં, કેટલીક જાતનાં રાયતાં, કેટલીક જાતની ચટણી, કઢી, સેવગાંઠિયા, વડીકાચરી, પાપડ અને મરીમસાલા મુકીએ."

"સુબંધુ! ડુક્કરસમાજમાટે ભોજનક્રમ ગોઠવવા તમે બેઠા હો એમ લાગે છે. પરંતુ એવી સ્થિતિએ આપણો જનસમાજ વહેલોમોડો પહોંચશે જ તેથી એ ક્રમ બહાલ રાખવા યોગ્ય છે."

"એ બધી ભોજનસામગ્રી મેં કહ્યું તેમ પત્રાવળિ ઉપર પિરસાશે, અને આપણા સમાજીઓ ઘાસ કે બરૂની ચટાઇ ઉપર સુશે."

"પત્રાવળિ એટલે પાંદડાંની થાળી. મને નથી લાગતું કે આપણા સમાજીઓને એવી થાળીથી કે એવી સાદી ચટાઇથી સંતોષ થાય. મને લાગે છે કે તેઓ ભમરીથી શણગારેલા પાટલા ઉપર બેસી ધાતુની થાળીમાં મીઠાઈ જમશે, ભોજનસમયે ધૂપ મ્હેકમ્હેક થઈ રહેશે, અને તેમને સુવામાટે તો છપ્પરપલંગની જરૂર પડશે."

"પુષ્કરરાય! તમે બહુ ભારે ઠેકડા મારી આટલામાં જ આપણા જનસમાજને મોજીલો બનાવી દીધો. તમે ગણાવેલી વસ્તુઓની તેમ જ એવા બીજા પદાર્થોની જો જરૂર જ હોય તો તો આપણા જનમંડળમાં સુખડિયા જોઇશે, રસોઇયા જોઇશે, રંગરેજ જોઈશે, સરઇયા જોઇશે, કંસારા જોઈશે, ચિત્રકાર જોઇશે, સોની જોઇશે, શિકારીઓ જોઈશે, શિક્ષકો અને કવિઓ જોઇશે, ગવૈયા અને ભાટચારણ જોઇશે, નટો અને નાચનારીઓ જોઈશે, ધોબી અને હજામ જોઈશે, સૂયાણીઓ અને ધવાડનારીઓ જોઇશે."

"એટલું જ નહિ પણ વૈદ્યોની જરૂર પડશે."

"ત્યારે તો મને એમ લાગે છે કે આપણા જનમંડળને રહેવાનું સ્થાન—તેમનું નાનકડું ગામ—તેમને પૂરતું થશે નહિ."

"અલબત."

"એનો અર્થ તો એ જ કે ખેતીમાટે અને ઢોર ચરાવવા માટે આપણા જનમંડળને પાડોશીના જમીનના ટુકડાની જરૂર પડશે, અને તે પાડોશીઓ પણ રાજીખુશીથી તે ટુકડો આપણા જનમંડળને અર્પણ કરશે."

"તમે ઠીક ગમ્મત કરો છો! પોતાની જમીન તેઓ પ્રસન્ન થઇ આપે! એવી પરોપકારવૃત્તિ અસંભવિત છે. ઉલટા

તેઓ, મને લાગે છે કે, દુર્યોધનની પેઠે વર્તશે. પાંડવોના એ પિતરાઇએ તેમને સોયની અણીજેટલી જમીન પણ આપવાની ના પાડી હતી એ તમને અજાણ્યું નથી."

" આ પ્રમાણે ઉગ્ર વેગે આગળ પગલાં ભરી પુષ્કરરાય! તમે મને ભયંકર ખાઈમાં ઉતારવા માગો છો. પાડોશી જો પોતાની જમીન રાજીખુશીથી ન આપે અને જમીનની જરૂર તો છે જ તો શું મારે એમ સમજવાનું છે કે આપણા જનમંડળને તેમના પાડોશીસાથે કજિયો કરવાનો પ્રસંગ આવશે ?"

"કજિયો! એવો સુંવાળો શબ્દ તમે શામાટે વાપરો છો? ચોખ્ખે ચોખ્ખું કહી દોની કે એમને સામસામા યુદ્ધ કરવાનો પ્રસંગ આવશે."

"એમ જો હોય તો આપણા જનમંડળનો જુમ્મો એકદમ વધી જાય છે, કારણ કે એક નાનકડા લશ્કરનો તેમણે વધારો કરવો પડશે."

"લશ્કરનો વધારો કરવાની શી જરૂર છે? આપણા સમાજના અંગભૂતો જાતે લડી નહિ શકે?"

"પુષ્કરરાય! મારો અભિપ્રાય જુદો પડે છે, અને મને લાગે છે કે તમે જરા ઉંડો વિચાર કરશો તો મારા અભિપ્રાયને મળતા થશો. આપણે પહેલાં એ સિદ્ધાંત સ્થાપ્યો ન હતો કે ચિત્ત દઈ એક ધંધો કરવાથી અને તેને વળગી રહેવાથી મનુષ્ય તેમાં પ્રવીણતા મેળવે છે? મોચીને આપણે ખેતી કરવાનું, કાપડ વણવાનું કે ઘર બાંધવાનું કામ સોંપ્યું ન હતું, અને લડાઈની બાબત શું તમે એવી સહેલી ધારો છો કે મનુષ્યો પોતપોતાનો ધંધો સમાલતા રહે અને તે ઉપરાંત યુદ્ધકલામાં કુશલતા સંપાદન કરે? હળ બરાબર ચલાવવામાં મહાવરાની જરૂર રહે છે તો

ઢાલતરવારનો બરાબર ઉપયોગ શિખતાં અભ્યાસની આવશ્યકતા નહિ હોય?"

"મને પણ હવે સમજાય છે કે લડાઇ કરવી એ જાતે મહત્ત્વનો વ્યવસાય છે તેથી બીજા વ્યવસાયો સાથે કરવા જતાં એ વ્યવસાય બગડવાનો સંભવ રહે છે."

"અર્થાત્ અનન્ય નિષ્ઠાથી યુદ્ધવ્યવસાય કરનાર વ્યક્તિવાળો જનસમાજ તે વ્યવસાયને લેભાગુ રીતે કરનાર જનસમાજ ઉપર જીત મેળવે એ સ્વાભાવિક છે. ત્યારે તો લડવૈયાઓનો ઉમેરો કરવો જ પડશે."

"મને લાગે છે કે એમ કર્યાવિના છુટકો નથી."

"આટલી ચર્ચાથી તમે જો કંટાળી ન ગયા હો તો આપણે લડવૈયાસંબંધી કેટલીક વાત કરીએ."

"મારૂં મગજ જેવું ને તેવું જ તાજું છે, માટે ચર્ચા ચાલવા દો."

"લડવૈયાઓની જરૂર જ છે તો યુદ્ધકલા તરફ વલણવાળા મનુષ્યોને ચુંટી કાઢવા પડશે. લડવૈયાને આપણે જાતવાન કુતરા સાથે સરખાવીશું?"

"એટલે?"

"એટલે એ કે જાતવાન કુતરો ચકોરદૃષ્ટિથી શત્રુને જોય છે, શત્રુને જોયાપછી પાણીના રેલાપેઠે તેની પાછળ પડે છે, અને તેને કાં તો નસાડે છે અથવા તો પકડી પાડી કાં તો તેને ફાડી નાંખે છે કે તેના પગમાં બરાબર દાંત બેસાડે છે. આ બધા ગુણો—તીવ્ર દ્રષ્ટિ, ઉગ્ર વેગ અને પ્રચંડ સામર્થ્ય—આપણા લડવૈયાઓમાં હોવા જોઇએ કે નહિ?"

"હોવા જ જોઇએ."

"એ શારીરિક સંપત્તિઉપરાંત આપણા લડવૈયાઓ સુદક્ષ રીતે લડી શકે એ માટે તેમનામાં શૂરત્વરૂપ માનસિક સંપત્તિની પણ જરૂર રહેશે. પુષ્કરરાય ! શૂરત્વનું મૂળ તમે શું ગણો છો ?"

"મને લાગે છે કે શૂરત્વનું મૂળ જુસ્સો છે. જુસ્સો એ ન જીતાય એવી અવર્ણનીય વસ્તુ છે. જે પ્રાણીમાં જુસ્સો હોય છે તે તદ્દન અભય અને અડગ હોય છે."

"ત્યારે એ જુસ્સાવાળા લડવૈયા કદાચ આવેશમાં આવી એક બીજાનાં ડોકાં ઉડાવી દે તો ?"

"તો તો આપણો જનસમાજ રામશરણ થયલો સમજવો. આ તો ભારે મુશ્કેલી આવી પડી !"

"ખરા શૂરવીર તો તે જ કહી શકાય કે જે મિત્રપ્રતિ સૌમ્ય પ્રકૃતિવાળા અને શત્રુપ્રતિ ઉગ્ર પ્રકૃતિવાળા હોય. નહિ તો પરિણામમાં પોતાનો જ ઉચ્છેદ સમજવો."

"ઉચ્છેદ નહિ તો બીજું શું ?"

"ત્યારે પુષ્કરરાય ! આપણે ફસાઇ ગયા. સૌમ્યતા અને ઉગ્રતા એ બે વિરોધી ગુણોનું એકીકરણ કેમ થઇ શકે ?"

"મને પણ લાગે છે કે આપણે સપડાઇ ગયા છીએ."

"એમ છેક નથી. બેફિકર રહો, પુષ્કરરાય ! આપણો કુતરો આપણને ઉગારશે."

"શું કહ્યું ?"

"એ જ કે આપણો કુતરો આપણને ઉગારશે. કુતરાની ઉપમા તમે ભૂલી ગયા ? કુતરાની જાત ઓળખીતા તરફ સૌમ્ય પ્રકૃતિવાળી અને અજાણ્યાતરફ ઉગ્ર પ્રકૃતિવાળી હોતી નથી ?"

"ખરે, હું ઝોકું ખાઈ ગયો હતો એમ તમે સિદ્ધ કર્યું."

"સાવધ રહો, પુષ્કરરાય ! સાવધ રહો. નાટકશાળામાં બીડી પિવાની તથા ટંટોફિસાદ કરવાની સખ્ત મનાઇ હોય છે તેમ વાદવિવાદમાં ઝોકું ખાવાની સખ્ત મનાઇ છે."

"હવે ચેત્યો."

"ગુસ્સો અને શાંતિ એ બેનો સંયોગ ત્યારે અશક્ય નથી એમ તમે કબુલ કરો છો?"

"હા."

"હવે આગળ ચાલો. શૂરવીરમાં તત્ત્વવેત્તાનો ગુણ જોઇએ એમાં તમે એકમત થશો?"

"મારી મતિ બહેર મારી જાય છે."

"એવાં ખોટાં બાનાં નહિ ચાલે. આપણો કુતરો પાછો લો. કુતરામાં તત્ત્વવેત્તાનો ગુણ છે એમ તમે કહેશો કે નહિ? કુતરો જ્યારે જાણીતા માણસને જોય છે ત્યારે તેની સાથે ગેલ કરે છે, જો કે તે માણસે તેનાઉપર કાંઇ પણ ઉપકાર કર્યો ન હોય; અને અજાણ્યા માણસને જોય છે ત્યારે તેના સામું ભસે છે, જો કે તે માણસે તેનું કશું બગાડયું ન હોય. કુતરાની આ ટેવમાં તમને વૈચિત્ર્ય લાગતું નથી?"

"હવે મને વૈચિત્ર્ય લાગે છે; પહેલાં ખરે લાગ્યું ન હતું."

"ત્યારે સિદ્ધ થયું કે કુતરો એ ખરો તત્ત્વવેત્તા છે."

"શી રીતે?"

"એ રીતે કે કુતરો જ્ઞાન અને અજ્ઞાનના પ્રમાણથી જ મિત્ર અને શત્રુની, પ્રિય અને અપ્રિયની પરીક્ષા કરે છે. તો પછી આપણા શૂરવીરોમાં બળ, કળ, ચાપલ્ય, સૌમ્યતા, ઉગ્રતા અને તત્ત્વજ્ઞાન એ લક્ષણો સિદ્ધ થયાં. તમે જો ઝોકું ન ખાવાનું વચન આપો તો આપણા શૂરવીરોની કેળવણીસંબંધી ક્ષણ વિચાર કરીએ."

"ચર્ચા ચાલવા દો: મને રસ પડે છે."

"શારીરિક અને માનસિક એમ કેળવણીની બે શાખા લઇએ તો?"

"શરીર અને મનમાં બધું આવી ગયું."

"આપણા શૂરવીરોને આપણે સૌમ્ય તથા ઉગ્ર પ્રકૃતિવાળા બનાવવાના છે એ તમારા લક્ષમાં છે."

"હા. કુતરાનો દાખલો હું હવે ભૂલી જાઉં એમ નથી."

"સૌમ્ય અને ઉગ્ર પ્રકૃતિ કોઇ ધાતુમાં રહેલી હશે વારૂ ?"

"પોલાદ નરમ તેમ મજબૂત હોય છે."

"લોઢાને જેમ પાણી પાવામાં આવે છે તેમ આપણા શૂરવીરોને આપણે પાણી પાઇશું ?"

"તેમને પહેલાં ગરમ શી રીતે કરશો ?"

"અખાડાની કસરતથી કરીએ તો કેમ ?"

"એમાં કોણ વાંધો લઇ શકે એમ છે ? મનુષ્યને ખાડામાં પડતો બચાવે તે અખાડો, જો કે તેનું સ્થાન આજ કાલ દવાખાનાંઓએ પચાવી પાડયું છે. ચાલો આપણા શૂરવીરોની શારીરિક કેળવણી તો સિદ્ધ થઇ.'

"તો પછી આપણા વીર પુરૂષોને અખાડાની કસરતથી સારી પેઠે ગરમ કરી તેમને સાહિત્યસંગીતના રસમાં બોળ્યા હોય તો કેમ ?"

"મને લાગે છે કે એમ કરવાથી તેઓ જોઈતા પ્રમાણમાં મૃદુ તેમ જ મજબૂત બની રહેશે. તેમની માનસિક કેળવણી પણ સિદ્ધ થશે."

"એકલા અખાડાનું સેવન તેમને કરાવ્યું હોય તો ?"

"મને લાગે છે કે એમ કરવાથી તેઓ મહામલ્લ બનશે ખરા, પરંતુ તેમનામાં તીક્ષ્ણતા અને મદોન્મત્તતાનું અનિષ્ટ પ્રાધાન્ય રહેશે."

"અર્થાત્ તેમનું બળ પશુઓના બળની પેઠે ઉચ્છેદક થવાનો સંભવ રહે છે. વારૂ, ત્યારે તેમને એકલા સાહિત્યસંગીતના રસમાં ઝબકોળ્યા હોય તો ?"

"તો બીજી દિશામાં અનિષ્ટ પરિણામ આવવાનો સંભવ રહેશે. અતિશય તીક્ષ્ણતા જેમ એક પક્ષે ઇષ્ટ નથી તેમ બીજે પક્ષે અતિશય લાલિત્ય ઇષ્ટ નથી. એકલા સાહિત્યસંગીતરસનું સેવન કરવાથી મનુષ્યનું અંતઃકરણ પાણીપોચા શાકજેવું બને છે એમ મારૂં માનવું છે."

"તો તમારા માનવાને હું પણ માન આપું છું. અતિઉગ્ર મનુષ્ય જેમ નકામો છે તેમ અતિનમ્ર મનુષ્ય પણ નકામો છે."

"આમ આડા ફાટતા જાઓ છો તો આપણા મુખ્ય વિષય ઉપર ક્યારે આવવું ધાર્યું છે?"

"મુખ્ય વિષય તો હું ભૂલી જ ગયો. પુષ્કરરાય! તે જરા કહી બતાવો. અનિચ્છા છતાં ઝોકું ખાવામાં મારાથી તમારૂં અનુકરણ થઇ ગયું."

"પણ આ બધી ચર્ચાને ધર્મ અને ન્યાયસાથે શો સંબંધ છે?"

"હા, હવે મને સાંભર્યું. 'ધર્મીને ઘેર ધાડ અને કસાઇને ઘેર કુશળ' એ કહેવતના તમે હિમાયતી છો: यतो धर्मस्ततो जयः એ મારે તમને સિદ્ધ કરી આપવાનું છે. મહાભારત કામ મેં માથે લીધું છે એમ હવે મને સમજાય છે. પુષ્કરરાય! તમારા તરફથી મને મદદની જરૂર છે."

"તે કરવા તૈયાર છું. બોલો તમારા સમાજમાં ધર્મનું આસન ક્યાં છે અને જયસાથે તેનો સંબંધ તમે કેવી રીતે સ્થાપી શકો છો?"

"એમ છેક ઉતાવળ ન કરો. મને સ્વસ્થ થવા દો. પુષ્કરરાય! આપણો સમાજ જો સુવ્યવસ્થિત હશે તો કંઇ કંઈ ઉત્તમ ગુણોવાળો હશે એમ હું માનું છું. ચાલો એ ગુણોને આપણે શોધી કાઢીએ."

"ચાલો."

"જ્ઞાનથી મનુષ્ય બરાબર વિચાર કરી શકે છે અને અન્યને ઉપદેશ આપી શકે છે એ તમે સ્વીકારશો ?"

"એ તો ઉઘાડું છે."

"અને જનસમાજમાં જ્ઞાન વિવિધ પ્રકારનું હોય છે એ પણ તમે સ્વીકારશો ?"

"અવશ્ય, જેમ કે સુતારનું જ્ઞાન, લુહારનું જ્ઞાન."

"સુતારના જ્ઞાનથી અને લુહારના જ્ઞાનથી કોઈ પણ સમાજને આપણે ડાહ્યો-શાણો કહી શકીશું ?"

"એ તો જરા અણઘટતું લાગે છે."

"તેમ જ કંસારાના જ્ઞાનથી સમાજને આપણે એ વિશેષણ લગાડી શકીશું ?"

"એ પણ તેટલું જ અણઘટતું કહી શકાય."

"અને ખેતીના જ્ઞાનથી ?"

"એ પણ એમ જ."

"ત્યારે આપણા જનસમાજમાં એવું કોઈ જ્ઞાન હોઈ શકે કે નહિ, કે જે ચોકસ ધંધાસંબંધી ન હોય, પરંતુ સમસ્ત સમાજના હિતસંબંધી હોય ?"

"હોવું જોઈએ."

"કોનામાં એ હોઇ શકે ?"

"સમાજના ઉત્તમ નેતા પુરૂષોમાં એ જ્ઞાન ઉત્તમ હોઈ શકે."

"એ જ્ઞાનથી સમાજને શો લાભ ?"

"એ જ્ઞાનથી સમાજને ડાહ્યો-શાણો કહી શકાય."

"એવા ઉત્તમ નેતા પુરૂષોની સંખ્યા સમાજમાં વિશેષ હોઈ શકે કે ખેડુતોની ?"

"ખેડુતોની."

"ત્યારે શું એમ સમજવાનું છે કે એવા ઉત્તમ મનુષ્યોની સંખ્યા જનસમાજમાં ઓછી હોવાની ?"

"ઘણી ઓછી."

"અને આવા અત્યંત વિરલ વર્ગના પ્રભાવથી આખો સમાજ ડાહ્યો-શાણો કહેવાશે. ત્યારે 'એક ચૂડી ચલાણે ચઢી.' એક સદ્‌ગુણ પ્રજ્ઞાનું સ્થાન નિર્ણીત થયું."

"એમાં કંઈ વિરોધ લેવાસરખું નથી."

"ત્યારે બીજો સદ્‌ગુણ લઈએ. શૌર્યનું સ્થાન આપણે નક્કી કરીશું ? પુષ્કરરાય ! જનસમાજ શૂરો કયારે કહેવાતો હશે, વારુ ? જનસમાજના સમસ્ત અંગભૂતો શૂરા હોય ત્યારે કે — "

"અરે એમ તે બની શકે ? જનસમાજના સમસ્ત અંગભૂતો શૂરવીર હોઇ શકે જ નહિ. શૌર્ય એ કંઇ એવો સોંઘો સદ્‌ગુણ નથી. બહાદૂરીની ડંફાસ મારવામાં આનંદ માનનારા ઘણા હોય છે પરંતુ — "

"ત્યારે એવી ડંફાસ મારનારાઓને તમે બાદ કરવા માગો છો ?"

"અવશ્ય, એવા ડંફાસાનંદસરસ્વતીઓને હું બાદ કરવા માગું છું."

"ત્યારે આપણે જનસમાજને શૂરવીર શી રીતે કહી શકીશું ?"

"એક સિંહ વનનું રાજ્ય ભોગવે છે, હજાર શિયાળવાં નહિ. પાકા શૂરવીરોની સંખ્યા થોડી હોય તોપણ સમાજને શૂરો કહી શકાય. બીજા મનુષ્યોની ગણત્રી નથી. તેઓ શૂર હોય કે કાયર હોય, સમાજઉપર તેની અસર ગૌણ છે."

"તો હવે શૌર્યનું સ્વરૂપ જરા સ્ફુટ કરીશું ? કાયદાને અનુસારે ભય ધરવાયોગ્ય શું છે અને ભય ધરવાયોગ્ય શું નથી એ સંબંધી મતને ટકાવી રાખનાર નાગરિકોના અમુક ભાગના ગુણવિશેષને આપણે શૌર્ય કે ધૈર્ય કહીએ તો ?"

"તમારી વ્યાખ્યા આબેહુબ તુમડીમાં કાંકરાજેવી થઇ રહી."

"શૌર્ય એ એક જાતનું રક્ષણ છે એમ તમે સ્વીકારશો?"

"રક્ષણ તે શેનું?"

"રક્ષણ એટલે ડર રાખવાયોગ્ય શું છે અને શું નથી એ સંબંધી જે મત કેળવણીદ્વારા કાયદો બંધાવે છે તેનું નિર્વહણ, અર્થાત્ તેને ટકાવી રાખવું તે. અને 'અવિચલ' એ વિશેષણથી હું એમ કહેવા માગું છું કે સુખદુઃખમાં, તેમ જ કામના કે ભયના આવેશમાં, શૌર્યવાળો મનુષ્ય પોતાના એ મતથી ડગતો નથી કદાચ તમારે દૃષ્ટાંત જોઈતો હશે?"

"બની શકે તો. अधिकस्य अधिकं फलम्"

"તમે જોયું હશે કે રંગરેજો ઊનને જ્યારે આસમાની રંગ ચઢાવવા માગે છે ત્યારે તેઓ પ્રથમ તો શુદ્ધ ધોળો રંગ સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે. તેમનો હેતુ એવો હોય છે કે ભૂમિકા જો સિદ્ધ થાય તો તેનાઉપર ઈમલો ચણી શકાય. શુદ્ધ શ્વેત રંગની ભૂમિકા સિદ્ધ થયા પછી રંગવાનું કામ ચાલે છે, અને આ રીતે જે રંગ ચઢાવવામાં આવે છે તે ભઠ્ઠીમાં પણ કાયમ રહે છે. ભૂમિકા સિદ્ધ થયા વિના ચઢાવવામાં આવેલો રંગ સમય જતાં કેવો દેખાય છે તેનો તમને ખ્યાલ હશે?"

"કાચો રંગ ફીકોફચ પડી ન જાય તો શું?"

"તો પછી આપણા લડવૈયાઓને અખાડાની કસરતની અને સાહિત્યસંગીતની કેળવણી આપવાનો હેતુ તમને સમજાયો હશે. એ કેળવણીનો ઉદ્દેશ ભૂમિકા સિદ્ધ કરવાનો છે. તે સિદ્ધ થયાપછી આપણા લડવૈયાઓને કાયદાનો પાકો રંગ ચઢયાવિના રહેશે નહિ. એ રંગ મોજશોખરૂપ ભઠ્ઠીના તાપમાં કે કામ, ભય, શોકરૂપ સમર્થ દ્રાવક રસોના પ્રયોગોથી પણ ઉતરી શકશે નહિ. આવા શાસ્ત્રીય સ્થાયી ગુણને હું શૌર્ય-ધૈર્ય-સ્થૈર્ય કહું છું. આમાં તમને મતભેદજેવું જણાય છે?"

"શૌર્યનો ખરો ખ્યાલ હવે મને આવ્યો, મને લાગે છે કે તમારો હેતુ જંગલી પશુજેવા અશાસ્ત્રીય શૌર્યનો બહિષ્કાર કરવાનો છે."

"એવું પાશવ શૌર્ય કાયદાને અનુસરનાર નથી તેથી તેને શૌર્ય નહિ પણ બીજું કંઇ કહેવું જોઈએ. પશુઓ કંઇ નાગરિક હોતાં નથી, અને શૌર્ય એ નાગરિકોના અમુક ભાગનો જ ગુણ છે."

"જે ભાગના એ ગુણથી આખો સમાજ શૂર કહેવાય છે."

"જીવતા રહો. લો ત્યારે સમાજના બીજા ગુણનું સ્થાન નક્કી થયું."

"ડહાપણ અને શૌર્ય એ ગુણોનો સદ્ભાવ સમાજમાં હોવો જોઇએ એની હું ના પાડતો નથી."

"તો ચાલો ત્રીજા સદ્ગુણનો શોધ કરીએ. મનુષ્ય પોતાની જાતનો ધણી હોય છે તો સુખી હોય છે એમ તમે સ્વીકારશો?"

"'પોતે પોતાની જાતનો ધણી' એવો પ્રયોગ વ્યવહારમાં થાય છે ખરો, પરંતુ પોતે સેવ્ય અને પોતે સેવક, પોતે શેઠ અને પોતે નોકર એમ કહેવામાં વાસ્તવિક વિરોધ તમને જણાતો નથી?"

"તો એ વિરોધનો તોડ આપણે એ રીતે કરીએ તો કેમ? મનુષ્યમાં બે તત્ત્વો રહેલાં છે—એક ઉચ્ચ, બીજું નીચ; એક દૈવી, બીજું આસુરી. આમાં શ્રેષ્ઠ તત્ત્વ કનિષ્ઠ તત્ત્વને જ્યારે કાબુમાં રાખે છે ત્યારે આપણે મનુષ્યને જિતાત્મા કહી વખાણીએ છીએ: એથી ઉલટું જ્યારે આસુરી તત્ત્વ દૈવી તત્ત્વઉપર સામ્રાજ્ય ભોગવે છે ત્યારે આપણે મનુષ્યને અજિતાત્મા કહી વખોડીએ છીએ."

"આથી ખુલાસો થાય છે ખરો."

"તો આપણે આપણા સમાજને એ નિયમ લાગુ પાડીએ. આપણા સમાજનો ઉત્કૃષ્ટ ભાગ સમાજના નિકૃષ્ટ ભાગને જો કાબુમાં રાખે તો તે સંયમી અર્થાત્ **સંયમવાળો** કહી શકાય કે નહિ?"

"કહી શકાય."

"પરંતુ કાબુમાં કેવી રીતે રાખે તે જાણવા કદાચ તમે માગતા હશો ?"

"તમને જણાવવાની ઈચ્છા છે તેમ જ મને જાણવાની ઇચ્છા છે."

"બાળકોની ઈચ્છાઓ ઢંગધડાવિનાની અને અટપટી હોય છે એમ તમે કબુલ કરશો ?"

"હા, બાળકોની જ નહિ, પરંતુ સ્ત્રીઓની કામનાઓ પણ પ્રસંગે પ્રસંગે કોઇ નિયમને અનુસરનારી જણાતી નથી."

"તો જનસમાજના હલકા વર્ગોની ઇચ્છામાં પણ ક્યારે બુદ્ધિનો વખાણવાલાયક વિલાસ જોવામાં આવે છે ?"

"નથી જ આવતો."

"એથી ઉલટી શાણા મનુષ્યોની ઇચ્છા સરળ અને નિયમિત જોવામાં આવતી નથી ?"

"આવે છે. ન આવે તો પછી શાણપણ ક્યાં રહ્યું ?"

"ત્યારે અનિયમિત અને અટપટી ઇચ્છાઓનું નિયમિત અને સરલ ઇચ્છાઓઉપર પ્રાધાન્ય હોય એ ઈચ્છવાયોગ્ય છે કે નિયમિત અને સરલ ઇચ્છાઓનું અનિયમિત અને અટપટી ઇચ્છાઓ ઉપર ?"

"શિશુઓ શાણાઉપર રાજ્ય કરે તે કરતાં શાણા શિશુઉપર રાજ્ય કરે એ ઇચ્છવાયોગ્ય છે."

"આને હું સમાજની દૃષ્ટિથી સંયમ કહું છું. તો પછી કોણે રાજ્ય કરવું અને કોણે તાબે થવું એની સમજુતીનો સદ્‌ભાવ આપણે આપણા સમાજમાં સ્વીકારીશું ?"

"અવશ્ય."

"એ સમજણ કયા પક્ષમાં આપણે સ્વીકારીશું ? રાજ્ય કરનારના કે તાબે થનારના ?"

"મને લાગે છે કે બન્ને પક્ષમાં એ ગુણ હોવો જોઈએ."

"તો પછી સંયમ એ એક પ્રકારનો સંવાદ જ થયો."

"કેવી રીતે ?"

"પૂર્વની ચર્ચાથી આપણે નક્કી કર્યું હતું કે જ્ઞાનનો ગુણ સમાજના અમુક વિભાગમાં રહે છે, અને શૌર્યનો ગુણ પણ એકદેશી છે. પરંતુ આ સંયમનો ગુણ તો સર્વદેશી ઠરે છે, કારણ કે સેવ્ય જાણે છે કે મારે રાજ્ય કરવાનું છે અને સેવકે તાબે થવાનું છે, અને સેવક જાણે છે કે મારે તાબે થવાનું છે અને સેવ્યે રાજ્ય કરવાનું છે. ઉત્કૃષ્ટનિકૃષ્ટ, નિયંતાનિયમ્ય એમની આ પ્રકારની પરસ્પર મળતી રાશ એ તેમનો સંવાદ કહેવાય છે."

"ત્યારે મારે સ્વીકાર્યાવિના છૂટકો નથી કે આ પ્રકારના સંવાદરૂપ સંયમવિના આપણો સમાજ નભી શકે નહિ."

"ત્યારે ત્રણ ગુણનો શોધ થયો. હવે સમાજના મુખ્ય સદ્‌ગુણો જો ચાર હોય અને ત્રણનો તો શોધ થઈ જ ગયો છે તો બાકી રહેલો ગુણ આપણા વિવાદનો વિષય હોવો જોઇએ, નહિ વારૂ ?"

"મારા મહેતાજીએ જો મને બરાબર ભણાવ્યો હોય તો ચારમાંથી ત્રણ બાદ થતાં એક રહે છે. એ એક ધર્મ છે એ તમારે સિદ્ધ કરી આપવાનું છે."

"પુષ્કરરાય ! તૈયાર થાઓ. કટિ કસો. ચાલો આપણે શિકારીની પેઠે ધર્મની આસપાસ વિંટળાઈ વળીએ. ધર્મરૂપી હરણ છટકી ન જાય એ આપણે જોવાનું છે. એ હરણ પાસે જ છે એ તો નક્કી છે. તાકી તાકીને જુઓ, અને એનો પત્તો લાગે કે તરત મને સાદ કરજો."

"પહેલાં મને પત્તો લાગે તો તો ધનભાગ્ય ! મારામાં જો કંઇ શક્તિ છે તો તે તમારી પુઠે પુઠે ચાલ્યા આવવાની છે."

"તો બોલો હરિ: ॐ અને ચાલ્યા આવો."

"ચાલવા માંડો."

"અહિં કયાંઇ રસ્તો દેખાતો નથી. ઝાડી ઘીચ છે. છતાં આપણે આગળ વધીશું. અહો ! અહિં કંઇ પગલાંજેવું જણાય છે. મને લાગે છે કે આપણું હરણ છટકી જશે નહિ."

"મંગલ સમાચાર તમે મને કહ્યા."

"આપણે યે બુદ્ધિના બારદાન છીએ તો !"

"કેવી રીતે ?"

"કેડમાં છોકરૂં અને આખું ગામ જે માતા શોધી વળી તેનાજેવી આપણી દશા થઈ છે. ધર્મ આપણા પગઆગળ જ ખેલતો હતો તેને દૂર ધારી આપણે જોયો જ નહિ !"

"એટલે ?"

"એટલે એ કે આપણી ચર્ચામાં આપણને ધર્મની અનેક વાર ઝાંખી થયા છતાં આપણે તેને ઓળખી જ શક્યા નહિ !"

"કંટાળો ઉપજાવવાની કળા તમે કેળવી હોય એમ મને લાગે છે."

"પુષ્કરરાય ! ગોટાળા કરતાં કંટાળો સારો છે એમ નક્કી સમજો. કંટાળારૂપ કોયલામાંથી શાસ્ત્રાર્થરૂપ રમણીય રંગનો આવિર્ભાવ થતો હોય તો તે તિરસ્કાર કરવાયોગ્ય નથી. ચાલો, સ્પષ્ટ બોલું છું. આપણા સમાજનો પાયો નાંખતી વખતે જ આપણે નક્કી કર્યું ન હતું કે મનુષ્યે અનેક કાર્યમાં માથું ન ઘાલતાં એક કાર્યમાં પ્રવીણ થવા યત્ન કરવો ? ધર્મનું કેટલુંક સ્વરૂપ આમાં આવી જાય છે."

"હા, આપણે એકમત થયા હતા કે મનુષ્યે અનેક કાર્યમાં પોતાની બુદ્ધિને વિખેરી ન નાંખતાં પોતાની પ્રકૃતિને અનુકૂલ એક કાર્ય કરવું."

"હવે બીજી દૃષ્ટિથી વિચાર કરીએ. મુકરદમા ચુકવવાનું કામ સમાજના નેતા પુરૂષોનું નથી ?"

"છે જ."

"પોતાની મિલકત છિનવી લેવામાં આવે નહિ અને પારકાની મિલકત પચાવી પાડવામાં આવે નહિ એ સિદ્ધાંતને અનુસરીને તેઓ પોતાના ફેંસલા નહિ આપે?"

"એ સિદ્ધાંતને તેઓ અનુસરશે."

"અને એ સિદ્ધાંત ધર્મ્ય છે કે નહિ?"

"છે."

આ દૃષ્ટિથી પણ મનુષ્યનું પોતાનું જે હોય તેના ભોગવટામાં ધર્મનું સ્વરૂપ રહેલું છે. તો પછી મને કહો—સુતાર પોતાનું કામ છોડી મોચીનું કરે અને મોચી પોતાનું કામ છોડી સુતારનું કરે, અથવા તો એક જ માણસ સુતાર તથા મોચી બન્નેનું કામ કરે તો જનસમાજને ભારે નુકસાન થવાનો સંભવ ખરો કે નહિ?"

"મને નથી લાગતું કે એથી ભારે નુકસાન થાય."

"પરંતુ જ્યારે મોચી આથવા બીજો કોઈ મનુષ્ય, જેને કુદરતે વ્યાપારીતરીકે ઘડ્યો હોય તે, પૈસાના તોરમાં, પોતાના અનુયાયીઓના જોરથી, કે એવી બીજી કોઇ અનુકૂલતાથી લડવૈયાઓના વર્ગમાં દાખલ થવાનો પ્રયાસ કરે, અથવા તો લડવૈયો કાયદા ઘડનારતરીકે સમાજના નેતા પુરૂષોની પંક્તિમાં પ્રવેશ કરવાની કોશીશ કરે, કે એક માણસ એકી સાથે વેપારી, લડવૈયો અને કાયદા ઘડનાર બનવાનો પ્રયત્ન કરે તો સમાજને ભારે નુકસાન થાય કે નહિ?"

"મને લાગે છે કે એવા કાર્યવિપ્લવથી સમાજનો વિપ્લવ થવાનો સંભવ રહે છે."

"અને આ પ્રકારની ઉચ્છેદક પ્રવૃત્તિને આપણે અધર્મ કહીએ તો?"

"કહી શકાય, સમાજને જે ધારણ ન કરે તે અધર્મ."

"એથી ઉલટું ધર્મનું સ્વરૂપ આપણે એવું બાંધીશું કે વ્યાપારીને વેપારરોજગારમાં, લડવૈયાને યુદ્ધવ્યવસાયમાં, અને નેતાઓને કાયદા ઘડવાના કામમાં સ્થાપી સમાજને જે ધારણ કરે તે ધર્મ ?"

"હું તમારી સાથે તદ્દન મળતો આવું છું."

"પુષ્કરરાય ! આગ્રહનાં વચન બોલવાનો હજી વખત નથી. અજમાયશ કરતાં સમાજપરત્વે ધર્મના આ સ્વરૂપનો અને વ્યક્તિ-પરત્વે ધર્મના સ્વરૂપનો તાળો મળે તો તો શંકાને અવકાશ રહેશે નહિ. પરંતુ તાળો જો ન મળે તો ભૂલ્યા ત્યાંથી ફરીથી આપણને ગણવું પડશે. આપણી ચર્ચાની શરૂઆતમાં આપણે આશા રાખી હતી કે સામાજિક જીવનરૂપ મોટા અક્ષર આપણે ઉકેલી શકયા તો વ્યક્તિજીવનરૂપ ઝીણા અક્ષર ઉકેલવામાં આપણને સર-લતા થઇ પડશે. તો ચાલો, વ્યક્તિજીવનઉપર આપણે ધર્મની કસોટી કરીએ. સામાજિક જીવન અને વ્યક્તિજીવનના પરસ્પર ઘસારાથી જે તેજ ઉત્પન્ન થશે તેના પ્રભાવથી આપણે ધર્મનાં યથેષ્ટ દર્શન કરી શકીશું, અને ધર્મની પવિત્ર મૂર્ત્તિને આપણા હૃદયદેશમાં સ્થિર ધારણ કરી શકીશું."

"તમે કહો છો એ વાસ્તવિક છે."

"નાની અને મોટી એમ બે ચીજોને એક નામથી ઓળ-ખાવવામાં આપણે તેટલાપૂરતી તેની સદૃશતા જણાવવા માગીએ છીએ કે વિદૃશતા ?"

"વળી સદૃશતા જ."

"તો પછી ધર્મપરાયણ વ્યક્તિ અને ધર્મપરાયણ સમાજ એ બન્ને ધર્મપરત્વે સમાન કે નહિ ?"

"બેશક સમાન."

"જે સમાજના વર્ગો પોતપોતાના કાર્યમાં નિરત રહે તેને આપણે ધર્મપરાયણ ઠરાવ્યો હતો, તે પ્રમાણે જે મનુષ્યના

અંતઃકરણમાં વિવિધ તત્ત્વો પોતપોતાની મર્યાદામાં રહે તેને ધર્મ-પરાયણ કહેવામાં વાંધો આવશે નહિ."

"મનુષ્યના અંતઃકરણનાં વિવિધ તત્ત્વો અને તેમનો વ્યાપાર નક્કી થયે વાંધાની વાત છે."

"એક જ વસ્તુ એક જ ભાગમાં અથવા એક જ વસ્તુપરત્વે એક જ કાળે ભિન્ન વ્યાપાર કરી શકે નહિ. આમ હોવાથી જ્યારે દેખીતી એક વસ્તુમાં આ પ્રકારનો વિરોધ જોવામાં આવે છે ત્યારે તે વસ્તુતઃ એક નથી પણ ભિન્ન છે."

"જેમ કે ?"

"જેમ કે એક જ વસ્તુ એક જ કાળે અને એક જ ભાગપરત્વે સ્થિર હોય અને ગતિમાન્ હોય એ સંભવે નહિ."

"ઉભો માણસ પોતાના હાથ હલાવી શકે નહિ ?"

હલાવી શકે, પરંતુ અહિં એક જ ભાગ સ્થિર તેમ અસ્થિર નથી. મનુષ્યરૂપ વ્યક્તિનો હસ્તરૂપ ભાગ ગતિમાં છે અને તેના બીજા ભાગો સ્થિર છે, એટલે નિયમને બાધ આવતો નથી."

"ત્યારે ભાગવિનાની વસ્તુ લો. ભમરડો જમીનઉપર સ્થિર તેમ જ ફરતો હોતો નથી ?"

"અહિં પણ ભમરડાના ભાગ પડી શકે છે: ભમરડાની ધરી અને ભમરડાનો ઘેરાવો. ઘેરાવાનો ભાગ ફરે છે, ધરીનો ભાગ સ્થિર છે. પરંતુ ફરતીવખતે ભમરડાની ધરી પણ આગળ-પાછળ અથવા આડીઅવળી થઇ જાય છે તો આખો ભમરડો ફરતો હોય છે અને એનું કોઇ પણ બિંદુ સ્થિર હોતું નથી. અર્થાત્ એક જ ભાગ એકી વખતે ફરે અને સ્થિર રહે એ સંભવતું નથી."

"બરાબર."

"અનુમતિ અને વિમતિ, હા પાડવી અને ના પાડવી, આકર્ષણ અને અપકર્ષણ એ સર્વ પરસ્પર વિરોધી નથી ?"

"એક એક છેડે છે તો બીજું બીજે છેડે છે."

"ભૂખતરસવિગેરે ઊર્મિઓ પણ આમાં આવી જતી નથી? મનુષ્યને અમુક વસ્તુની ઇચ્છા થાય છે ત્યારે તે તે વસ્તુનું પોતાતરફ આકર્ષણ કરતો નથી? અથવા તો તે વસ્તુની સિદ્ધિપરત્વે તેને જાણે સવાલ પૂછવામાં આવ્યો હોય તેમ તે રાજી થઇ હા નથી પાડતો?"

"તે વસ્તુનું આકર્ષણ કરે છે અને હા પણ પાડે છે."

"અનિચ્છા અને દ્વેષ આથી વિરોધી છે એ તમે માન્ય રાખશો? તેમનું સ્વરૂપ અપકર્ષણ અને ના પાડવાસરખું નથી?"

"છે જ."

"સામાન્ય ઇચ્છાનું આ પ્રકારનું સ્વરૂપ નક્કી કરી હવે આપણે કોઇ વિશેષ ઇચ્છા લઈએ. ભૂખ અને તરસનો દાખલો લઇએ તો કેમ?"

"જીંદગીની શરૂઆત ભૂખ અને તરસથી થાય છે તો ઈચ્છાની શરૂઆત પણ એ પ્રમાણે થવા દો."

"ભૂખરૂપી ઇચ્છાનો વિષય અન્ન છે અને તરસરૂપી ઈચ્છાનો વિષય પાન છે."

"એ કોઇને અજાણ્યું નથી."

"મુદ્દો અહિં રહ્યો છે. લક્ષ દઇ સાંભળો. તરસ એ પાનની ઈચ્છા છે, બીજા કશાની નહિ; તેમ જ અમુક પ્રકારના પાનની નહિ, જેવા કે ગરમ, ઠંડા, વધારે, થોડા. પરંતુ તરસની સાથે ગરમી હોય તો ઠંડા પાનની ઇચ્છા હોય છે, તરસની સાથે ઠંડી હોય તો ગરમ પાનની ઇચ્છા હોય છે, તરસ જો અતિશય લાગી હોય તો વિશેષ પ્રમાણમાં પાનની જરૂર હોય છે, અને તરસ જો ઓછા પ્રમાણમાં લાગી હોય તો થોડા પાનની જરૂર હોય છે. પરંતુ સામાન્ય તરસનો વિષય સામાન્ય પાન છે, અને સામાન્ય ભૂખનો વિષય સામાન્ય અન્ન છે."

"અર્થાત્ સામાન્ય ભૂખ અને તરસનો વિષય અમુક જ પ્રકારનું અન્ન અને પાન હોઇ શકે નહિ એમ તમે કહેવા માગો છો ?'

"હા, એમ જ. તો પછી તરસ્યો માણસ એક પક્ષે પીવાના પદાર્થ તરફ પશુની પેઠે ખેંચાય અને બીજે પક્ષે તે જ પદાર્થથી તે ભડકી ઉઠે તો ખેંચનાર અને ભડકાવનાર, આકર્ષક અને અપ-કર્ષક એમ અંતઃકરણનાં બે ભિન્ન તત્ત્વો સ્વીકારવાં ન જોઇએ ?"

"આપણે સ્થાપેલા નિયમપ્રમાણે એક જ તત્ત્વ એક સાથે ખેંચી તેમ જ ભડકાવી શકે નહિ. તેથી બે તત્ત્વ સ્વીકારવાં જોઇએ. તીર મારનાર એક જ હાથથી ખેંચી શકે નહિ અને ધકેલી શકે નહિ. એક હાથે તે દોરીને ખેંચે છે તો બીજે હાથે તે કામઠાને ધકેલે છે."

"માણસને તરસ લાગી હોય છતાં તે પીવા રાજી ન હોય એમ બની શકે કે નહિ?"

"વખતોવખત એમ બને છે."

તોપછી એવે વખતે આપણે એમ ન કહેવું જોઈએ કે એક તત્ત્વ તેને પીવાની પ્રેરણા કરે છે, બીજું તત્ત્વ તેને પીતાં નિવારે છે, અને પ્રેરક તત્ત્વ કરતાં નિવારક તત્ત્વનું સામર્થ્ય વધારે હોય છે તો મનુષ્યની પ્રવૃત્તિ થવા પામતી નથી?"

"બરાબર છે."

"નિવારક તત્ત્વનું મૂળ શું હશે ?"

"સામાન્ય રીતે નિવારક તત્ત્વનું મૂળ મને વિવેકબુદ્ધિમાં સમજાય છે. યોગ્ય વિચાર કરી મનુષ્ય પોતાની ભૂલ થતી અટકાવે છે."

"અને પ્રેરક તત્ત્વનું મૂળ શું હશે ?"

"પ્રેરક તત્ત્વનું મૂળ કામના અથવા ઇચ્છાનો વેગ ધારી શકાય."

"ત્યારે આપણે એ બે તત્ત્વોને કામનાતત્ત્વ અને વિવેકતત્ત્વ કહીએ તો ?"

"યથાર્થ છે."

"ગુસ્સો અથવા આવેગ એ ત્રીજું તત્ત્વ ખરૂં કે નહિ?"

"મને લાગે છે કે એ તત્ત્વ કામનાતત્ત્વને મળતું છે."

"તો આપણે જરા ઉંડા ઉતરીએ, અને સરલતા થાય માટે દૃષ્ટાંત લઈએ. ધારો કે કોઇ રાજાએ રણભૂમિમાં પોતાના કટ્ટા દુશ્મનઉપર ભારે જીત મેળવી છે અને સેંકડો ડોકાં ધડથી છૂટાં થયાં છે. શત્રુનાં શબ જોઇ રાજાને કમકમાટ છૂટે છે અને તે આંખ બંધ કરી દે છે. પરંતુ વૈરબુદ્ધિનો આંતર આવેશ આંખના દીધેલા દરવાજા ઉઘાડી નાંખે છે. રાજા ગુસ્સામાં પોતાની આંખને કહે છેઃ 'ભૂંડીઓ! જાઓ તમે ધરાઓ ત્યાંસુધી શત્રુનાં શબને જુઓ.' આ પ્રમાણે બની શકે કે નહિ?"

"બની શકે."

"એથી શું સમજવાનું છે?"

"એ કે ગુસ્સો એ કામનાથી જુદો છે અને કામનાથી વિરોધી પણ હોઈ શકે."

"અને એવા અનેક બીજા પ્રસંગ બની ન શકે કે જેમાં કામનાથી વિવેકનો પરાભવ થતાં મનુષ્ય પોતાની જાતનો તિરસ્કાર કરે? આવે પ્રસંગે ગુસ્સો વિવેકના પક્ષમાં હોતો નથી?"

"એવા પ્રસંગો બને છે અને ગુસ્સો વિવેકપક્ષપાતી હોય છે."

"પરંતુ વિવેકનો ઉદય થવા છતાં ગુસ્સો કામનાપક્ષપાતી થાય એ સંભવે?"

"સંભવે નહિ."

"ધારો કે મનુષ્યથી બીજાને નુકસાન થઈ ગયું છે. જેમ તે વધારે કુલીન તેમ તેને ઓછો આવેશ ચઢશે. સામા માણસ-તરફથી ભૂખતરસની કે બીજી કોઇ પીડા તેને થશે તો તેનો

જુસ્સો સળગી ઉઠશે નહિ; ઉલટો તે તે પીડાને શાંતિથી સહન કરશે."

"જરૂર."

"પરંતુ તેને પોતાને જો અનર્થ થયો હોય છે તો તે ધુવાં-પુવાં થઇ જાય છે. ન્યાયના પક્ષમાં પોતે છે એમ એવો મનુષ્ય માનતો હોવાથી તેને જો ભૂખવિગેરેની વેદના થાય છે તો તેથી ન ડરતાં કે ડગતાં देहं पातयामि कार्यं साधयामि એવો ઉગ્ર નિશ્ચય તે કરે છે. ભરવાડ જયાંસુધી રોકતો નથી ત્યાંસુધી તેનો કુતરો જેમ ભસભસ કરે છે તેમ વિવેક જ્યાંસુધી નિષેધ કરતો નથી ત્યાંસુધી એવા મનુષ્યનો જુસ્સો પ્રદીપ્ત બન્યો રહે છે."

"દૃષ્ટાંત સાબીત છે. આપણા સમાજમાં નેતાઓ ભરવાડ-બરાબર છે અને લડવૈયાઓ કુતરાબરાબર છે."

"હવે તમે મારૂં કહેવું બરાબર સમજ્યા. પરંતુ એક મુદ્દો રહી જાય છે."

"કયો ?"

"જુસ્સો પ્રથમ તમને કામનાને મળતો લાગતો હતો, પરંતુ હવે તેથી વિરોધી જણાય છે, કારણ કે કામના અને વિવેકના યુદ્ધમાં તે વિવેકનો પક્ષ કરતો જોવામાં આવે છે."

"ખચીત."

"હવે સવાલ એ ઉઠે છે કે જુસ્સો એ એક જાતનો વિવેક છે કે વિવેકથી ભિન્ન છે? એક જાતનો વિવેક હોય તો પછી મનુષ્યમાં ત્રણ તત્ત્વ નહિ બે તત્ત્વ છે. જુદો હોય તો સમાજમાં જેમ વેપારીઓ, લડવૈયાઓ અને નેતાઓ હોય છે તેમ મનુષ્યમાં કામના, આવેગ અને વિવેક એ ત્રણ પૃથક્ તત્ત્વો લઇ શકાય."

"આવેગ એ જુદું જ તત્ત્વ લાગે છે."

"શા ઉપરથી ?"

"નાનાં બાળકો જન્મે છે કે તરત જુસ્સાવાળાં જોવામાં આવે છે, પરંતુ વિવેક તો મોડી વયે આવે છે."

"ધન્ય છે, પુષ્કરરાય! અને પશુઓમાં પણ એ જ પ્રમાણે જોવામાં આવે છે."

"વાસ્તવિક છે."

"તો પછી જરા સ્વસ્થ થાઓ. પુષ્કરરાય! નિરાંતે શ્વાસ લો. તોફાની દરિયાનાં ડુંગરજેવાં ઉંચાં મોજાઉપર ઉછળી આપણે હવે ભૂમિ ભાળવા લાગ્યા છીએ. સમાજમાં જેમ ભિન્ન વિભાગ હોય છે તેમ વ્યક્તિમાં પણ તત્ત્વો હોય છે એમ ઠર્યું કેની?"

"સિદ્ધ."

"ત્યારે આપણું અનુમાન એમ ન જાય કે જે કારણથી સમાજ શાણો કહેવાય છે તે કારણથી મનુષ્ય પણ શાણો કહેવાવો જોઇએ?"

"બરાબર."

"અને જે કારણથી સમાજ શૂરો તે જ કારણથી મનુષ્ય પણ શૂરો?"

"અવશ્ય."

"અને જે કારણથી સમાજ સંયમી તે જ કારણથી મનુષ્ય સંયમી?"

"ના પડાય એમ નથી."

"તો પછી જે કારણથી સમાજ ધર્મપરાયણ તે જ કારણથી મનુષ્ય પણ ધર્મપરાયણ કહેવાવો જોઇએ?"

"એ પણ સિદ્ધ."

"આપણે નક્કી કર્યું ન હતું કે પ્રત્યેક વિભાગ પોતપોતાનું કાર્ય યથાસ્થિત કરે એથી સમાજ ધર્મપરાયણ થાય છે?"

"એ હવે ભૂલાય એમ નથી."

"ત્યારે તો તે મનુષ્યને આપણે ધર્મપરાયણ કહેવો જોઈએ કે જેના અંતઃકરણનાં પૂર્વોક્ત ત્રણ તત્ત્વો પોતપોતાનું કામ યથાસ્થિત કરે અને મર્યાદામાં રહે."

"વાસ્તવિક."

"વિવેક રાજ્ય કરે તે તમને પસંદ કે આવેગ રાજ્ય કરે તે?"

"શાણા નેતાઓ રાજ્ય કરે એમ મેં સ્વીકાર્યું છે તો શાણો વિવેક રાજ્ય કરે એ પણ સ્વીકારવું જ જોઈએ."

"તો પછી આવેગનું શું?"

"લડવૈયાઓએ નેતાઓને તાબે રહેવું જોઈએ અને તેમને મદદ કરવી જોઈએ, તે પ્રમાણે આવેગે વિવેકને અધીન વર્તવું જોઈએ તેમ જ તેને સહાયભૂત રહેવું જોઇએ."

"આપણે વિચારી ગયા તેમ અખાડાની કસરત અને સાહીત્યસંગીતના અભ્યાસથી વિવેક જોઇએ તેટલો તીક્ષ્ણ થતાં અને આવેગ જોઇએ એટલો નરમ થતાં બન્ને તત્ત્વનું જોઈએ એવું સાહચર્ય સિદ્ધ થશે કે નહિ?"

"થશે જ."

"આ પ્રમાણે સારી રીતે કેળવાયલા વિવેક અને આવેગ પોતપોતાનું કાર્ય બરાબર સમજશે અને ત્રીજા કામનાતત્ત્વને યોગ્ય રીતે કાબુમાં રાખશે. કામનાતત્ત્વ એ બન્નેને કાબુમાં રાખે તો?"

"તો તો ત્રિયારાજમાં સત્યાનાસોવાચ!"

"ત્યારે વિવેક અને આવેગને કામના તત્ત્વના નિયામકરૂપે આપણે બહાલ રાખીશું?"

"એક વાર નહિ પણ એકવીસ વાર."

"એ બન્ને તત્ત્વો શરીર તથા મનનું બાહ્ય હુમલાઓથી રક્ષણ કરશે. વિવેક સલાહકારનું કાર્ય કરશે; આવેગ નિમક-હલાલીથી અને જુસ્સાથી પોતાના નેતાની સરદારીનીચે લડશે."

"બરાબર."

"પુષ્કરરાય! મારી સ્મરણશક્તિ નબળી થતી જતી હોવાથી ચાલો આપણે પુનરાવૃત્તિ કરી જઇએ. ભય ધરવાયોગ્ય શું છે અને શું નથી એ સંબંધી વિવેકના આદેશને સુખદુ:ખમાં ટકાવી રાખનાર સામર્થ્ય જે મનુષ્યમાં છે તેને આપણે શૂર કહીશું?"

"હા, તેને આપણે શૂર કહીશું."

"પોતાના શાણપણના પ્રભાવથી આદેશ કરનાર અને સર્વ તત્ત્વોનું શ્રેય સમજનાર વિવેકતત્ત્વ જેનામાં છે તેને આપણે પ્રજ્ઞ કહીશું?"

"હા, તેને આપણે પ્રજ્ઞ કહીશું."

"વિવેકે સિંહાસનઉપર બેસવું જોઈએ અને આવેગે તથા કામનાએ તેને તાબે થવું જોઈએ એ પ્રકારનો પરસ્પર તત્ત્વસંવાદ જે મનુષ્યમાં છે તેને આપણે સંયમી કહીશું?"

"હા, તેને આપણે સંયમી કહીશું."

"ધર્મનું સ્વરૂપ સામાજિક જીવનમાં આપણે જોયું તેવું વ્યક્તિજીવનમાં ખરૂં કે નહિ?"

"હોવું જોઇએ."

"અધર્મી મનુષ્ય સોનારૂપાની થાપણ ઓળવે તેમ ધર્મ-પરાયણ મનુષ્ય ઓળવે કે નહિ?"

"નહિ."

"મિત્રદ્રોહ, ગુરૂદ્રોહ, દેશદ્રોહ, ધર્મદ્રોહ વિગેરે તરફ ધર્મી મનુષ્યનું વલણ થાય કે નહિ?"

"થવાનો સંભવ નથી."

"ધર્મપરાયણ મનુષ્ય પ્રતિજ્ઞાભંગ કરશે ખરો કેમ?"

"અસંભવિત."

"ધર્મપરાયણ મનુષ્ય વ્યભિચારી જીવન ગાળશે ખરો કેમ?"

"તે પણ અસંભવિત."

"એનું કારણ એ નહિ કે કોણે રાજ્ય કરવું અને કોણે અધીન થવું એ સમજ તેના અંતઃકરણની વૃત્તિઓને છે?"

"એ જ."

"તો પછી ધર્મપરાયણ રાષ્ટ્ર અને ધર્મપરાયણ મનુષ્યનો પત્તો આપણને લાગ્યો છે એમ કહેવામાં ખોટું તો નથી?"

"નથી."

"તો પછી એમ કહીશું?"

"એક સવાલ કેટલી વાર?"

"જેટલી વાર એક જવાબની જરૂર જણાય છે તેટલી વાર એક સવાલ થાય છે. પુષ્કરરાય! મિજાજ ખુઓ મા. હવે સિદ્ધ છે કે આપણને ફરી ઝોકું નહિ આવે. તો પછી અંતઃકરણનાં ત્રણ તત્ત્વોના સંવાદને બદલે તેમનો વિવાદ અથવા વિરોધ હોવો એ અધર્મનું સ્વરૂપ નથી? રાજ્ય કરવાયોગ્ય ન હોય એવું તત્ત્વ રાજ્ય કરે અને અધીન થવા યોગ્ય ન હોય એવું તત્ત્વ અધીન થાય એ પ્રકારની અસ્તવ્યસ્તતા અંતઃકરણમાં વ્યાપી રહે એને આપણે અધર્મ કહીશું?"

"અજ્ઞાન, અધૈર્ય, અસંયમ, અધર્મ એને જે નામ આપવું હોય તે આપી શકાય."

"દુર્ગુણમાત્ર એને કહીએ તો?"

"કહી શકાય."

"એવી અસ્તવ્યસ્તતાથી અંતઃકરણની શક્તિ ખીલતી હશે? હૃદય નિર્વિકાર રહેતું હશે? મનુષ્યને જયસંપત્તિની પ્રાપ્તિ થતી હશે?"

"એ સંશયગ્રસ્ત છે."

"અને અંતઃકરણની વ્યવસ્થાથી તેની શક્તિ કરમાતી હશે? હૃદય વિકારી થતું હશે? મનુષ્યને પરાજયવિપત્તિની પ્રાપ્તિ થતી હશે?"

"એ સંશયાત્મક છે."

"ત્યારે પછી यतः धर्मः ततः जयः (જેથી ધર્મ તેથી જય) અને यतः अधर्मः ततः अजयः (જેથી અધર્મ તેથી પરાજય) એ ખરૂં કે यतः अधर्मः ततः जयः (જેથી અધર્મ તેથી જય) અને यतः धर्मः ततः अजयः (જેથી ધર્મ તેથી પરાજય)?"

"આનો જવાબ તમે જ આપો તો કેમ?"

"પુષ્કરરાય! મને થાક ઘણો લાગ્યો છે તેથી વધારે બોલવાની શક્તિ મારામાં નથી. ચાલવાની જેટલી શક્તિ છે તેનો ઉપયોગ કરી આરામ લેવા હું પાસેના ઓરડામાં જાઉં છું. આ સંબંધમાં કંઇ વિશેષ વિચારવાજેવું લાગે તો ખુશીથી મને બોલાવજો."

સુબંધુ અને પુષ્કરરાયનો સંવાદ આ ઠેકાણે સમાપ્ત થયો. આસપાસ મેં જોયું તો કેટલાક મિત્ર ઘોરતા પડેલા જણાયા; કેટલાક પાનાં રમતા હતા; કેટલાક ઓસિકે મારામારી કરતા હતા; બે જણા તમાકુ તથા ચૂનાની ગોળી વાળતા હતા. સંવાદમાં લીન થયલા મારાજેવા માત્ર ચાર હતા. પુષ્કરરાયને કપાળે પરસેવાનાં ટીપાં બાઝેલાં જોઇ મેં કહ્યું "મિત્ર! તમને ઘણો થાક લાગ્યો જણાય છે; જરા આડા પડો અને સ્વસ્થ થાઓ."

"વિચારપુષ્પમાલા."

ગુજરાતી આલમને અપૂર્વ તક.

ધાંધલના આ જમાનામાં પ્રાચીન તેમજ નિશદિન હજારોને હિસાબે બહાર પડતાં અર્વાચીન પુસ્તકો વાંચવાજેટલું ધૈર્ય અને ધૈર્ય હોય તો તેટલાં સમય અને શક્તિ, માનવીની ટૂંકી જીંદગીમાં અલભ્ય છે. તેથી ઉત્તમ વિદ્વાનો, વિચારકો અને લેખકોની વિચારસૃષ્ટિ અને ભાવનાસૃષ્ટિ સંક્ષેપમાં કોઈ સિનેમેટોગ્રાફ જેવા સાધનદ્વારા બતાવી શકાય તો પણ ઘણું છે. ગુજરાતી સાહિત્યમ એવા એક સીનેમેટોગ્રાફની અતિશય જરૂર છે. આ "વિચારપુષ્પમાલા" બ્હીતાં બ્હીતાં એવો પ્રયત્ન કરવાને બહાર પડેલ છે.

ગુજરાતના સમર્થ લેખકો અને વિચારકોની લેખિની દ્વારા નવલકથાઓ, નાટકો, ચરિત્રો તેમજ સામાજિક, તાત્ત્વિક, આર્થિક, વિગેરે વિષયો આ "વિચારપુષ્પમાલા"માં ગોઠવાશે.

આખા વર્ષના ગ્રાહક થનારને આવાં ચાર પુસ્તકોદ્વારા લગભગ ૧૫૦ પાનાનું ઉત્તમ વસ્તુ માત્ર આઠ આનાની નજીવી કિમ્મતમાં આપવામાં આવશે. દરેક છૂટું પુસ્તક સરાસરી ત્રણ આને પડશે.

તા. ૧ લી જાન્યુઆરી ૧૯૧૫ થી બહાર પડનાર "હિંદુસ્થાન" નામના રોજિંદા પત્રના ગ્રાહકોને આ પુસ્તકો ભેટ કરવામાં આવશે.

જે લેખકો પોતાના લેખો આ માલાદ્વારા પ્રકટ કરવા ઇચ્છતા હશે તેઓના લેખો જો વ્યવસ્થાપકને યોગ્ય લાગશે તો છપાવવાનો કાંઇ પણ ખર્ચ લીધા વિના પ્રકટ કરી દેવામાં આવશે.

ગુજરાતી ભાષા જેઓ પોતાની માતૃભાષા કહેવરાવવા માગે છે તેઓ આ સોનેરી તકનો ઉપયોગ કરશે કે ? ઉપયોગ કરવાના હો તો તુરતજ જણાવો તમારી સાહિત્યરસિકતા, તમારો ઉત્સાહ, અને તમારી મહેરબાની નીચેને શિરનામેઃ-

એન. બી. વિભાકર,
બૅરિસ્ટર-એટ-લૉ,
વિચારપુષ્પમાલાના વ્યવસ્થાપક,
ગિરગામ, મુંબઇ.